THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

# શ્રી અષ્ટાપદજી બીંબ પ્રતિષ્ઠા.

## જીન મહોત્સવ.

૩૨૯૬

—:o:—

જૈનધર્મીવલંબી શોખીલા સજ્જનોને ગાવા સારૂ

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર

**જોશી ભૂરાભાઈ બેહેચર દવે**

કપડવંજવાસી.

મુંબઈ:

સત્યવક્તા પ્રીંટીંગ પ્રેસ.

સંવત ૧૯૪૪—સને ૧૮૮૮.

કિંમત પાંચ આના.

# શ્રી અષ્ટાપદજી બીંબ પ્રતિષ્ટા.

## જીન મહોત્સવ.

—:o:—

જૈનધર્માવલંબી શોખીલા સજ્જનોને ગાવા સારૂ

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર


જોશી ભૂરાભાઈ બેહેચર દવે

કપડવંજવાસી.



મુંબઇ:

સત્યવક્તા પ્રીંટીંગ પ્રેસ.

સંવત ૧૯૪૪—સને ૧૮૮૮.


કિંમત પાંચ આના.

# અર્પણ પત્રિકા.

સ્વર્ગવાસી નગરશેઠ

નાહાલચંદભાઇ નથુભાઈ

કપડવંજ

આપ જૈનધર્મીઓ ઉપર પૂર્ણ પ્રીતિ રાખતા
હતા એટલુંજ નહિ, પરંતુ આપનો કપડ-
વંજની તમામ વસ્તી પ્રત્યે સારો
ભાવ અને પ્રીતિ હતી—એવા
આપના રૂડા ગુણોને લીધે
આ પુસ્તક સાથે આપનું
નામ જોડી રાખું છું.

મૂ૦ જે.

કર્તા.

# પ્રસ્તાવના.

———:૦:———

કપડવંજ એ મુંબઇ ઇલાકાના ખેડા જીલ્લામાં કાચ અને સાબુના કારખાનાથી પંકાયલું એક નાનું શેહેર છે. જોકે શેહેરની વસ્તી પંદર હજારની છે, પણ ગામની અંદરના ધનાઢ્ય શેઠો લાલભાઇ ગુલાલ અને વ્રજલાલ મોતીચંદ,–બીજા કેટલાક માતબર વોહોરા વિગેરેની ભવ્ય ઇમારતોથી અને માજી ગુર્જરપતિ સિદ્ધરાજ જયસિંહે બંધાવેલા સુશોભીત કુંડવાવથી બાગ અને બગીચાઓની શોભાથી આજુબાજુના ઘણાખરા લોકો એને "નાની મુંબઇ" એ નામે પીછાને છે.

આવા એક શેહેરની અંદર ઘણી જ્ઞાતિયો વસે છે. તેમાં વીશા નીમા વાણીઆની જ્ઞાતનાં સુમારે સવાસો એક ઘરો છે. તે જ્ઞાતિમાં ઘણા ખરા પૈસાદાર છે પરંતુ સ્વર્ગવાસી શેઠો લાલભાઇ ગુલાલ અને વ્રજલાલ મોતીચંદ એઓ વીશ વીશ લાખ રૂપીયાના આશામી કહેવાતા, અને તેઓની દેશાવરની પેઢીઓએ કરીને દેશોદેશમાં નામાંકીત થયા હતા એટલુંજ નહીં પણ પોતાની જ્ઞાતિને પણ તેમણે ઘણી દીપાવી હતી. એમનાં લાલભાઇ ગુલાલના વંશમાં તેમના પુત્ર નથુભાઇ હતા. અને નથુભાઈ શેઠને ત્રણ પુત્રો હતા. તેમાં પહેલા ગીરધરભાઈ, બીજા શામળભાઇ, અને ત્રીજા નહાલચંદભાઇ હતા. તેમાં ગીરધરભાઇ કીશોર વયમાં ગુજર્યા એટલે શામળભાઇ અને નહાલચંદભાઇજ એઓ રહ્યા. તેઓ બેઉ સગીર વયના હતા તે દરમીઆન તેઓની વયમાં હાલના યુગના પ્રમાણથી સંસારીક વ્યવહારને લીધે સંવત ૧૯૨૫ ની સાલમાં વેહેંચાણ થઇ ત્યારથી આજ સુધી તેઓને જુદાપણું ચાલે છે. આ વેહેંચણ તેઓની બાલ્યાવસ્થામાં થયા છતાં તેમને દરેકને હિસ્સે આવેલા નાણાં તેમની તરફના માણસોએ સાચવ્યાં તેમ શેઠ નાહાલચંદભાઇ તરફથી તેમના નાણાં તેમના મુનીમ સયદ હુશેન મીઆંએ વફાદારીથી સ-

ચવી રાખ્યાં એટલુંજ નહીં પણ પોતાના શેઠને કેળવવામાં ઘણી ખંત લીધી જેથી તેઓ પાકી વયમાં આવતાંજ ઘણી ખબરદારી દર્શાવવા લાગ્યા, જે ખબરદારીથી ખુશ થઇ તે વખતના મેહેરબાન કલેકટર સાહેબ મિ૦ શેપર્ડ સાહેબે તેમને અઢાર વર્ષની વયે કપડવંજ મ્યુનિસીપાલીટીમાં એક મેમ્બર નિમ્યા હતા અને જનરલ કમીટીમાં તુરતજ તેમને ચેરમેનનો ઓદ્ધો મલ્યો હતો. ચેરમેનનું કામ કેટલાંક વર્ષ તેમણે ઘણી સારી રીતે બજાવ્યું, જેથી વખતે વખતે લોકો તેમના કામને યાદ કર્યાં કરે છે.

વળી એવામાં એજ જ્ઞાતિમાંનાં શેઠાણી માણેકબાઇ કે જેઓ મગનલાલ મોતીચંદના વંશમાંના શેઠ કેવળભાઇ જયચંદભાઇનાં કાકી થાય તે માંદા પડયાં ત્યારે તેમને પોતાની મીલકતનું વીલ કરવાને વિચાર થયો, પણ લાખો રૂપીઆની મીલકતનો વહીવટ કરવાને બાહોશ નર જોઇએ તો તેવા નર શેઠ નાહાલચંદભાઇને પસંદ કીધા. એ શેઠને તે શેઠાણીએ પોતા પાસ બોલાવી પોતાની મીલકતની વીગતની તેમને વાત કહીને તેમને અને બીજાઓને ટ્રસ્ટી નિમ્યા. પણ સરપંચ તરીકે અને વાંધા પડતા મતની વખતે સરપંચની મતે કર્યું થાય, એ તરીકે શેઠ નાહાલચંદભાઇનેજ મુકરર કીધા હતા, અને એ દાખલાથી પણ તેમની અક્કલ જણાઇ આવે છે.

આ વીલ થયા પછી કેટલીક મુદતે શેઠાણી માણેકબાઇ સ્વર્ગવાસી થયાં તથા તેમની મીલકતને માટે હક કરનાર શેઠ કેવળભાઇ જયચંદભાઇએ તે વીલની સામે તકરાર કીધી. મરનાર શેઠાણીના સરપંચ તરીકે શેઠ નાહાલચંદભાઇ હતા. તેઓ તે વખતે ખીલતી જુવાનીમાં હોવાથી તેમની લોકીક શરમ કમી ગણી તેમની સાથના ટ્રસ્ટીઓમાંના મિ. ખેમચંદભાઇ મીઠાભાઇ શીવાયના સરવે ટ્રસ્ટીયોએ ટ્રસ્ટી તરીકેનું કામ કરવાને ના પાડી તે છતાં પણ એ જુવાન હીંમત બાહાદુર શેઠે પોતાની હીંમત છોડી નહીં અને કોર્ટ સાયેના કજીયામાં તેમાં વળી મુંબઇની નામદાર હાઇ કોર્ટની અસલ બાજુમાં પેહેલોજ

પ્રસંગ હોવા છતાં પોતે હીંમતથી જુબાની આપી સરવે શ્રોતાઓને દીલ ખુશ કીવાં હતાં. કજીયો ચાલતાં દરમીયાંન તેમના સાથી ટ્રસ્ટી મિ૦ ખીમચંદભાઇ ગુજરી ગયા તેથી તેઓ એકલા ટ્રસ્ટીમાં રહ્યા હતા પણ એ કેવળ ભાઇ સામે પોતે એવી બાહોસીથી મચ્યા હતા કે જેમાં આખરે શેઠ કેવળભાઇની સામે તેઓ ફતેહમંદીથી પાર પડયા અને આખરે સત્યનો જય કેહેવડાવ્યો.

આ કેસથી તેમની વીખ્યાતી ઘણીજ થયેલી હતી અને તેવાંમાંજ એવો પ્રસંગ બન્યો કે કપડવંજમાં સને ૧૮૮૨ની સાલમાં કોલેરાના ભયંકર મરજે દેખાવ દીધો અને કેટલાક અણસમજુ લોકો એવા કે સરકાર તરફથી તેને માટે મળતી દવા લેવાને ના પાડતા જેથી તે વખત અને તેજ રોગ દુર થવાની મદદમાં આવેલા કલેક્ટર મેહેરબાન ગ્રાંટ સાહેબે એવો હુકમ ફરમાવ્યો કે, કોલેરાના રોગીને ગામ બાહાર તેમને માટે બંધાવેલા ઝુંપડામાં લઇ જઇ ત્યાંહાં રાખવા. આવા તેમના હુકમથી ગામની રૈયત ઘણી ઘાભરી બની ગઇ પરંતુ સાહેબની પાસે પોતાની દાદ માગવા જવાની કોઇની હીંમત ચાલી નહીં ત્યારે ગામના ઘણા ગૃહસ્થો મજકુર શેઠ નાહાલચંદભાઇ કે જેઓ તેવામાં પોતાની ચાતુરી અને હીંમતથી નગરશેઠ તરીકે ગણાતા હતા, તેમની પાસે ગયા અને તેમને સાહેબ પાસે જઇ રૈયત ઉપરનું દુઃખ ટાળવાને માટે વીનંતી કરી કહ્યું તેથી તરતજ એ જવાન હીંમતવાન નરે રૈયતનું દુઃખ ટાળવાનો શ્રમ લીધો અને મે. કલેક્ટર સાહેબ પાસે જઇ પોતાની લાવણ્યતાના બોલથી સાહેબ પાસેથી તે કામ ફતેહ કરી આવ્યા; તેને માટે તો આજે પણ લોકો વખત વખતના પ્રસંગમાં યાદ કરે છે.

આ શેહેરની અંદર આવા એક હીંમતે બાહાદુર શેઠની જરૂર રૈયતને ઘણી હતી, પણ કેહેવત છે કે "જે નરનો ખપ અહીં તે નરનો ખપ તહીં." એ કેહેવત પ્રમાણે જગ્તકર્તા પ્રભુએ દયાળુ શેઠને સંવત ૧૯૩૯ના પોશ વદી ૧૦ને રોજ રાજનગર (અમદાવાદ) મુકામેથી પોતા પાસે સ્વધામમાં બોલાવી લીધા.

મરહુમ શેઠના આ દુઃખ ભરેલા મરણની વાત રાજનગરમાં પ્રસરતાંજ સર્વે પ્રજા દીલગીર થઇ એટલુંજ નહીં પણ શેહેરના નગર શેઠીયાઓ તથા બીજા ગૃહસ્થો તેમના મરણ અવસરે પોતાની ગમગીન દેખાડવા પોતાના કીંમતી વસ્ત્રો સહીત સ્મશાનમાં દાખલ થયા હતા.

મરહુમ શેઠજીના સુશોભીત દેહને ચંદનાદી કાષ્ટોની ચિતામાં અગ્નિ સંસ્કારકીધો તે સમે આખુ સ્મશાન શોકજનક થઇ રહયું હતું. બાદ તે નગરના સદગૃહસ્થો યાને નગર શેઠીઆઓએ પોતાના કીંમતી વસ્ત્રનો તેમની પાછળ ભોગ આપ્યો હતો. ત્યાર બાદ તે દિવસે આખા રાજનગરમાં હડતાલ પાડી હતી. આ ઉપરથી ત્યાંના લોકોનો અત્યંત ધાડો પ્રેમ સ્પષ્ઠ દેખાઈ આવે છે.

આ દુઃખદાયક ખબર રાજનગરથી કપડવંજમાં થતાંજ સર્વે રૈયતને ભારે દીલગીરી ઉત્પન્ન થઈ રહી હતી. અને તેની સાથે તમામના મુખમાંથી અફસોસ અફસોસના શબ્દો નીકળી રહ્યા હતા તે દિવસનો દેખાવ ઘણોજ ભયંકર લાગતો હતો તેમજ તે દિવસે આખા કપડવંજ શેહેરમાં હડતાલ પાડી હતી તેથી રૈયતનો તેમના પરનો ધાડો પ્રેમ જણાઇ આવે છે.

આ કવખતના એ નગરશેઠના મરણથી જ્યારે શેહેર રૈયતને એટલી બધી દીલગીરી થઇ ત્યારે તેમનાં પરમ પવિત્ર માતુશ્રી અમૃત બાઇને તે કરતાં વધારે દીલગીરી થાય તેમાંશી નવાઇ. પણ જે બાબતમાં કોઇ નરનો ઉપાય નહીં ત્યાં કોઇથી કંઇ થઇ શકે નહીં. કહ્યું છે કે દૈવની ગતિ વીચીત્ર છે. ગમે તેવો બળીષ્ટ હોય તોપણ દૈવ પ્રત્યે ચાલી શકતું નથી.—જાતો બ્રહ્મકુલે ગજો ધનપતિઃ યઃ કુંભકર્ણાનુજઃ પુત્રો શક્રજીતો સિરઃ દશ સિરાપુર્ણઃ ભુજાવિંશતિ॥ દૈત્યઃકામચરો રથસ્યવિજયો મધ્યઃસમુદ્ર અહં સર્વે નિષ્ફલતાં તદૈવ વિધિના દૈવો વિચિત્રા ગતિ॥— અર્થ–બ્રાહ્મણના કુલમાં ઉત્પન્ન થયો એવો કોણ તો કે રાવણ કે જે ગજપતિ અને ધનપતિ હતો, કુંભકરણ જેનો લધુભ્રાત હતો, ને વળી ઇંદ્રજીત જેવો જેને પુત્ર હતો, દશ શીર અને વીશ ભુજવાળો

દૈત્યનો પતિ રાવણ કામદેવના સરખી ગતિ વાળો એટલે ધારે તેવાં સ્વ-રૂપને ધરવા વાળો, વળી વિજય રથ છે જેને એવો સંગ્રામમાં હારે નહીં એવો રાવણ, મધ્ય સમુદ્રને વિષે જેનું ઘર છે એવો બળીઓ રાવણ તે પણ દૈવ કોપ્યો ત્યારે એ બધું નિષ્ફળ ગયું માટે દૈવની ગતિ અકળીત છે. ત્યાં આગળ કોઈથી કંઇ થઈ શકે નહીં.

આ કવખતના મરણથી તેમનાં સગાંસંબંધીનો આત્મા દાઝે તે દાઝ દૂર થવાની તો નહીં પણ કેટલીક મુદતે દુર થાય અને નામાંકીત શેઠની નામના રહે એ ઇરાદાપર સર્વેનું લક્ષ ખેંચાયું. પ્રથમ ધર્મમાર્ગ તરફ નામના કરવાના હેતુથી તેમના પવિત્ર માતુશ્રી, શેઠાણી અમૃતબાઇએ પોતાના મોહોલ્લામાં એક 'અષ્ટા પદજી'નું દેરાસર બાંધવાનો નિશ્ચય કરી તેનું ખાત મુહૂર્ત સંવત ૧૯૪૦ના વૈસાખ સુદી ૧૧ ને રોજ કર્યું અને પછી દેરાસર બનાવવા માંડયું તેનો ઘણો ભાગ તૈયાર થએ મરહુમ નાહાલચંદભાઇનાં માતુશ્રી અમૃતબાઇએ સંવત ૧૯૪૨ ના વૈસાખ સુદી ૧૧ ને ગુરૂવારને રોજ એ દેરાસરમાં પધરાવેલા પ્રભુજીની પ્રતીષ્ટા કીધી. આ પ્રતીષ્ટાના પ્રસંગ પર દેશો દેશ કંકોત્રીઓ લખી ભારે મેળાવડો કીધો હતો. તે વખતમાં અત્રે જે ધામધુમ થઇ હતી અને જોવાલાયક રચના થએલી તેની યાદગીરી રેહેવા આ લઘુ પુસ્તક નીચે સહી કરનારે અલ્પમતિથી રચ્યું છે જે વાંચનાર ગૃહસ્થો વાચી ભુલચુક હોય તે ક્ષમા કરશો.

પુસ્તક પ્રસિદ્ધિમાં મુકવાનો મારો આ શ્રમ પહેલો છે, માટે વાંચકોએ ભૂલની ક્ષમા કરી તેના મુદ્દાપર વિચાર કરવો.

કપડવંજ.
સંવત. ૧૯૪૪

જૂ. બે. જો.
કર્તા.

——:o:——

## દોહરો.

પ્રથમ નમું ગણુ નાથને, પ્રેમે લાગું પાય;
એક દંત ઉચારતાં, વીઘ્ન નિંવારણુ થાય. ૧
સમરૂ દેવી સારદા, રૂપ મનોહર માત;
બુંદ્ધી બળ મુજમાં નથી, વાણી દ્યો વીક્ષાત. ૨
કમળ ને નિ કૃપા કરી, દાસ તણાં દુઃખ કાપ;
દુરમતિં દુર કરિને સદા, શુભ મતિ મુજને આપ. ૩
શંકર કાળીદાસને, પ્રસન્ન થઈ તું આપ;
કવિ કહેવાયો વિશ્વમાં, અકળિત બુદ્ધિ અમાપ. ૪
કૃપા તમારિ જેમને, તેંને સુખ બહુ પેર;
માન તાન મોટમ અને, લક્ષ્મિ લિલા લેહેર. ૫
દાસ તણો દિન દાસ છું, કરગરિ કહું કંગાલ;
વાસ કરો રસના વિશે, વાણી વદુ રસાલ. ૬
જશવંતા છો જીનપતિ, જાંણીને નિજ દાસ;
દોષ કરિ દુર માહરા, પુરો રદયમાં વાસ. ૭
ગાવાને ગુણુ આપના, 'મનમાં હર્ષ અપાર;
તે ઇચ્છા પૂરણુ કરો, જિન પતિ જુગદા ધાર. ૮
બાળક બોલે બોબડું, સુણિ પિતુ મન હરખાય;
અવળ.સવળઆ શબ્દથી, રીસન ધરશો કાંય; ૯
કવિકો વિદ પંડિતને, પ્રેમે પ્રણુમું શિશ;
ભૂલ ચુકના જે ગુન્હા, તેહની દ્યો બક્ષીસ. ૧૦
વિપ્ર કુળે વપુ માહરૂ, મેવાડાની નાત;
ચોરાશી ચિતમાં લહો, જેની જગમાં ક્ષાત. ૧૧
બેહેચર સુત ભુધરને, ઉર્દે ભૂરો નામ;
કરાયો વિધાભ્યાસમેં, કપડવંજ ગુણુ ગ્રામ. ૧૨
નરશિહ સુત જે લાલભૈ, તેનો પ્રૌઢ પ્રતાપ;

સુખ પામ્યો સવ સ્થળે, વામ્યો દુઃખ અમાપ. ૧૩
માતર.પ્રગણે માહ્યરૂં, મુળ ઉંઢેળા ગામ;
પણ આ માતૂળ પક્ષમાં,.પ્રથમ થકી મુકામ. ૧૪
કપડવંજ માંહે કર્યો, જિન મહોત્સવ જાણ;
તે અથ ઇતિ વર્ણન કરૂં, વાંચો પ્રેમી પ્રાણ. ૧૫

—— :०:——

# મંગળાચરણ.

---

## હરીગીત છંદ.

પ્રભુ સૃષ્ટિના સરજનાર તારા ગુણ ગણું હું કયમ કરી,
મુજ અલ્પ મતિથી કવન કરૂં કિરતાર લ્યો કરણે ધરી;
શહસ્ર મુખથી શેષજો ગુણ ગાન કરવાને તકે,
કદિ કોટિ જુગ કવિતા કરે પણ પદને પોંચી નવ શકે. ૧
ત્યમ બુદ્ધિ જડનો હુંજ પ્રાણી કેમ ગુણ ગણના કરૂં,
કવિ નામને ફોકટ ધરૂં નથી જાણતો ખોટું ખરૂં;
મુજ બાળની સંભાળ કરી પ્રભુ આપ વાણી અવિચલા,
તુજ ધર્મ છે બ્રદપાલનો પ્રભુ પાલ કાંકર વત્સલા. ૨
પ્રભુ કાજ તારાં જોઇને વિસ્મય થયો હું પલકમાં,
પશુ પંખને નરનારને જિવ જંત જોયાં ખલકમાં;
વળિ કોઇની એક એક સાથે• આકૃતી નથી આવતી,
ખુબિ એજ તારી સરસ સારી જોઉંછું મન ભાવતી. ૩
સરજનાર તુંતો એક છું અનેક તે કેદી કરયાં,
સરિતા વિષે જલ સ્વચ્છને જલ સિંધુમાં કેઠી ભરયાં;
બળિ ઝાડને પાષાણ મ્હોટા પર્વતો કેદી ચણ્યા,
ગણતી કરી કો ગણિ જુએ તો કદી ન જાએ તે ગણ્યા. ૪
વળિ ગગનમાં શશિ સુર્યને ગ્રહ ચમકતી માલા ગણી,
શશિ મધ્ય સીતલતા સમાવી સુર્યમાં વન્હી ઘણી;
સહુ બીંબને આકાર છે ભ્રમનાર એ આકાશમાં,
અદભૂત છે કૃતિ ઇશ એ નથિ ન્યૂન તેજ પ્રકાશમાં. ૫
નહિ પાર પામૂં નહિ વિરામૂં ગુણ ગણતાં પ્રભુવરા,
તુજ દાસ જાણી હૃદય આણી આપ વાણી ઇશ્વરા;

શુભ બુધ્ધિ આપી કષ્ટ કાપી દ્રઢ કરો મતિ હે વિભો,
તુજ ચર્ણ અંબુજને વિશે મુજ ભ્રંગકર મન રે પ્રભો. ૬
મુજ દીનની તું વાર કરી સંભાળ કરજે ઇશ્વરા,
અતિ સિંધુ સંસારે રિબાયો રાખજે રામેશ્વરા;
તુજ ભક્તિ રૂપી નાવ દેજે ભાવ ધરી વળિ પ્રીતથી,
વિણુ શ્રમ થકી હું તરિશ સિંધુ દીન બંધુ નીતથી. ૭
તું તાત ને વળિ માત મારે ગણું હું બાંધવ તૂજને,
નથિ અન્યનો આધાર મારે શરણુ દે પ્રભુ મૂજને;
તુજ નામથી બહુ પાતકી પદ પામિયા શુભ રીતથી,
ત્યમદાસ તારી લે ઉગારી પાળજે પ્રભુ પ્રીતથી. ૮

## મનહર છંદ.

ન્યાય આપે જગતને શુભાશુભ કાજ કેરો
લક્ષ યોની ફેરો એક નામથી નીવારે છે
ચંદન તરૂના જેવિ સીતલતા તુજમાં છે
દરશ કરયાથી પાપ કોટી કોટી બાળે છે
નથી તુને મોટાં છોટાં જાતી કેવિ જાતી નથી
શુલ પણું તારૂં જોઇ તું સહુ સંભાળે છે
ભારે ભવ સિંધુ થકી ડુબતાં ને તારે પ્રભુ
ઇતરન કોઇ આવી કોઇને ઉગારે છે.

## શિખરણી છંદ.

અતી ધર્માત્મા છો વણિક જનમાં ઉત્તમ ગણું
સુનીતી પ્રીતીથી, અદભુત વળી શાપ ઘણું
નથી જેનો માંહી, ઇતર જન આવા કહિં કહિં
ખરે અમૃતબાઇ તુજ નજરમાં નૂનપ નહીં. ૧
વધારી સુકિર્ત્તિ ખરચિ વસુને શાસ્ત્ર રિતિથી
કરયું મંદિર મોટું જીનવરતણું આણિ પ્રિતિથી

પ્રભૂ હેજીનેશા હૃદય ધરજે વીનતિ વિભો
સદા તેને દેજે દરશ સુખ અષ્ટાપદ પ્રભો. ૨

## ગરબી.

મૈયેર શીદને વળાવી મને સાસરે જો—॥ એ રાગ ॥

સુદ્ધ ભાવથી સેવોને સરવે જીનપતી જો
કળી નવ શકાય વર્ણન જેહેની છે ગતી જો ॥ સુદ્ધ. ॥ ૧
અધીક અવનીમાં તો જાંબુદ્વિપ જાણીએ જો
તેમાં ભારે ભરતખંડને વખાણીએ જો ॥ સુદ્ધ. ॥ ૨
જેમાં જન્મ લેવા દેવચીત ચાહયે છે જો
જુઓ વેદનું પ્રમાણ શ્રુતી ગાય છે જો ॥ સુદ્ધ ॥ ૩
ભરતખંડમાં ભલો આ ગુર્જર દેશ છે જો
નવે નીદ્ધ અષ્ટ સીદ્ધ સુભવેશ છે જો ॥ સુદ્ધ ॥ ૪
શ્રષ્ટી ચીત્ર ને વીચીત્ર ભરપુર છે જો
માન મોહોટ મને માયાનું લંધુર છે જો ॥ સુદ્ધ. ॥ ૫
મોહોટાં નગ્ર શેહેર પુરને વળી ગ્રામ છે જો
જેહમાં સોભીતાં સરસ રૂડા ધામ છે જો ॥ સુદ્ધ. ॥ ૬
જોવા સરખું તો કપડવંજ શેહેર છે જો
જેમાં લક્ષ્મી તણી તો મોહોટી મેહેર છે જો ॥ સુદ્ધ. ॥ ૭
નાતે નાત જથાબંધ મંદીર ઓળ છે જો
સેરી મોહોલાઓને મોહોટી મોહોટી પોળ છે જો ॥ સુદ્ધ. ॥ ૮
જેમાં સરસ સોભીતાં બહુ બજાર છે જો
કુંડ વાવની સોભાનો નહીં પાર છે જો ॥ સુદ્ધ. ॥ ૯
ભર બજાર મધ્યે કુંડ એક વાવ છે જો
મોહોટા મોહોટા અધીકારી જોવા આવે છે જો ॥ સુદ્ધ. ॥ ૧૦
સુભ ધામ સધરાજયસીંહે કરાવીયું જો
શાણા સાહેબોને મનમાં એ ભાવીયું જો ॥ સુદ્ધ. ॥ ૧૧
માજી રાજ પરોપકારમાં દયાળ છે જો

ઇંગ્રેજી રાજ્યનું તો ઘડીયાળ છે જો ॥ સુદ્ધ ॥ ૧૨
ખુબી ખુબ જોવા જેવી.હારોહાર છે જો
નેકવંત નાણાવટી તો અપાર છે જો ॥ સુદ્ધ. ॥ ૧૩
વસે વીપ્રને વણીક જુદી જાતના જો
દીસે શ્રાવક સોખીલા.ભલી ભાતના જો ॥ સુદ્ધ. ॥ ૧૪
દોશી વાણીયા ઘણા દુકાંનદાર છે જો
તેલી તંબોળી મોદીને મણીયાર છે જો ॥ સુદ્ધ. ॥ ૧૫
ઘાંચી મોચી ગોલા કણબી ને કૂંભાર છે જો
સૈ સુથાર સોની છીપાને લુહાર છે જો ॥ સુદ્ધ. ॥ ૧૬
ભાટ ચારણ ગરાશીયાને ઘાંયજા જો
કંસારા કંદોઇ મુસલમાન ને મજા જો ॥ સુદ્ધ. ॥ ૧૭
એની આદ્યે મળી વરણ તો અઢાર છે જો
નર નારી તેમાં જોને ભભકાદાર છે જો ॥ સુદ્ધ. ॥ ૧૮
શ્રેષ્ટ શ્રાવકની નાત બહુ શોભતી જો
ચતુર ચતુરાને જોઇ વ્રતી લોભતી જો ॥ સુદ્ધ. ॥ ૧૯
દયા દીનતા વીશેશ દીલમાં ભરી જો
કરે ધરમ કેરાં કાર્ય ધારણા ધરી જો ॥ સુદ્ધ. ॥ ૨૦
જૈન શાસ્ત્રમાં પ્રવીણ સરવે જન છે જો
નીશ દીન પ્રભુ શેવનામાં મન છે જો ॥ સુદ્ધ. ॥ ૨૧
બાંધી પોખદશાળાઓ બહુ પ્રીતથી જો
વસે સાધુ સાધવીઓ રૂડી રીતથી જો ॥ સુદ્ધ. ॥ ૨૨
કુડ કપટ છાંડી સમરે શાંત્તીનાથને જો
પ્રીતે પ્રણમે પ્રભુને જોડી હાથને જો ॥ સુદ્ધ. ॥ ૨૩
એવા શ્રાવક શોખીલા ધરમ કામમાં જો
વડા શેઠીયા વસે છે આ ગામમાં જો ॥ સુદ્ધ. ॥ ૨૪

**ગરબી ૨ જી—દેશી ચાલતી.**

સુણો ભ્રાત વાત કહું છું વડીલ શેઠથી જો

જાણું તેટલી બીના તો કહું હેતથી જો ॥ સુણો. ॥ ૧
પુરવે શેઠ એક લાલજી ગુલાલજી જો
પુત્ર નથુભાઇ પ્રગટે થયા ન્યાલજી જો ॥ સુણો. ॥ ૨
નથુભાઇ પરણ્યા છે એજ નારીને જો
જો જડાવને અમૃત રૂદે ધારીને જો ॥ સુણો. ॥ ૩
તે જડાવને બે પુત્ર રૂડા જાણીએ જો
પુત્રી એક નામે પરસન વખાણીએ જો ॥ સુણો. ॥ ૪
ગીરધર શામળ ભાઇ તો ગુણવાન છે જો
માત તાતનું વીશેશ જેને માન છે જો ॥ સુણો. ॥ ૫
અધીક અમૃતબાઇ તો સુખદાઇ છે જો
જેના કુંવર એક ન્હાલચંદભાઇ છે જો ॥ સુણો. ॥ ૬
પ્યારા પ્રાણથી એ કુંવર નથુભાઇને જો
કળા કૌશલ્યતા કહું સું હું ગાઇને જો ॥ સુણો. ॥ ૭
સાલ ઓગણીસે પચી હતી જયાહરે જો
થઇ વ્હેચણ બંને વચે ત્યાહરે જો ॥ સુણો. ॥ ૮
શેઠ નથુભાઇ સ્વર્ગમાં સધારીયા જો
પિતા પુઠે ભાઇ ગીરધર પધારીયા જો ॥ સુણો. ॥ ૯
ચપળ ચતુરતા ભરેલ બંને ભાઇ છે જો
માત જુજવાંથી જાણો વ્હોરમાઇ છે જો ॥ સુણો. ॥ ૧૦
દામ ધામ જુજવાં જુઓ વિવેકથી જો
બુદ્ધિ ડાહાપણ વીશેશ એક એકથી જો ॥ સુણો. ॥ ૧૧
બંને ભાઇ તો દીસે છે બાળે વેશમાં જો
ચાલે જુજવો વેપાર દેશો દેશમાં જો ॥ સુણો. ॥ ૧૨
નમ્ર શેઠ ન્હાલચંદ સઉને ભાવતા જો
કાર્ય ધર્મતણાં કરવા ચીત ચાવતા જો ॥ સુણો. ॥ ૧૩
જસવંતા જેને જન્મ થકી જાણીએ જો
ભરી વિદ્યા ભરપુર સું વખાણીએ જો ॥ સુણો. ॥ ૧૪

પરદુખે દુખીને પર સુખે સુખી સદા જો
કુડ કપટ કીલ વીષ જેમાં નહી કદા જો ॥ સુણો. ॥ ૧૫
ન્હાનપણુથી જેની જગ્ત વીશે નામના જો
દેશો દેશમાં વીખ્યાત પુરે કામના જો ॥ સુણો. ॥ ૧૬
ભાતભાતની શોભા તો મ્હેલમાં સજી જો
ગયા અઠાવીશ વરશે દુનીયાં તજી જો ॥ સુણો. ॥ ૧૭
ભારે દુખ સઉને જાએ નહી ભાખીયું જો
શેઠ નામ નીજ માએ રૂડું રાખીયું જો ॥ સુણો. ॥ ૧૮
જીવ આસુરીને દૈવી બે પ્રકારના જો
જાએ અંતે મતી પક્ષમાંહી વારના જો ॥ સુણો. ॥ ૧૯
દયાળું એ અમૃતબાઇ દૈવીજન છે જો
કરી પ્રભુપર પ્રીત જીવ્યું ધન્ય છે જો ॥ સુણો. ॥ ૨૦

## દોહોરો.

અમૃતબાઈએ આદર્યુ ધરમતણું જે કામ
આમંત્રણ કર્યું તેમણે સૈયદને તે ઠામ. ॥

## મનહર છંદ.

ધન્ય ધન્ય કારભારી બુદ્ધિને તો બલીહારી
ધન્ય તમ ડાહાપણુને ધન્ય ચતુરાઈને
ધન્ય નીજ તાત જાત ધન્ય ભગનીને ભ્રાત
જનુનીએ જનમીયા એ હુશેન ભાઇને.
દયા દીલમાં અપાર નહી એસમા દાતાર
દીર્ઘાયુષ રહો દયા દીલમાં સમાઈને.
મળી સરવે સમાજ કરો ધર્મતણાં કાજ
પુન્ય ઉપર કરાવો પ્રીત તો એ બાઇને.

## ઢાળ ॥ ૨ ॥

તોરણ આવી કયું ચલે રે. ॥ એ દેશી ॥
અમૃતબાઇ આનંદ સુંરે ધાર્યું ધરમનું કામ ॥ સલુણા. ॥

કારભારી બોલાવીયારે, હુશેન ભાઇ છે નામ ॥ સલુ૦ ॥
ગુણનીધી ગુણ ગંભીર છે રે, રૂડું દીસે ઘર સુત્ર ॥ સલુ૦ ॥
ડાહાપણમાં ભરપુર છે રે, દાદાભાઈના એ પુત્ર ॥ સલુ૦ ॥ ૨
આવ્યા અમૃતબાઇ આગળે રે, હરખીને હુસેનભાઇ ॥ સલુ૦ ॥
વરણવી કહી સહુ વારતારે, દેરાસર તણી ત્યાંઈ ॥ સલુ૦ ॥ ૩
પ્રધાન કેહે ઠીક ધારીયું રે, ધરમનું કારણ ધીર ॥ સલુ૦ ॥
દોલત મગન છતન તેરે, તેડયા છે નીજ વીર ॥ સલુ૦ ॥ ૪
શેઠજી શામળભાઇને રે, ગાધી લેંબાભાઇ ત્યાંય ॥ સલુ૦ ॥
લલુપ્રેમચંદ પ્રીતથી રે, આવી બેઠા ઘરમાંય ॥ સલુ૦ ॥ ૫
વકીલ મગનલાલજી રે, *મધુપુરીના વસનાર ॥ સલુ૦ ॥
જમનાદાસ ખુશાલ નેરે, ભુરા તેલી હુશીયાર ॥ સલુ૦ ॥ ૬
કાળીદાસના તન છે રે, છોટાભાઇ ને મગનલાલ ॥ સલુ૦ ॥
ધરમગ્ન ધર્મમાં ધીર છે રે, જીવ દયા પ્રતીપાલ ॥ સલુ૦ ॥ ૭
વાણોતર પોતા તણા રે, લલુ ને દલસુખ ॥ સલુ૦ ॥
મથુરદાસની૧ આઘે ત્યાંરે, આવી બેઠા સનમુખ ॥ સલુ૦ ॥ ૮
સગાં સંબંધી સર્વને રે. તેડીને નીજ પાસ ॥ સલુ૦ ॥
દેરાસર કરવા તણો રે, કહયો છેં ઇતિહાસ ॥ સલુ૦ ॥ ૯
વચન બાઇનાં સાંભળી રે, કેહેવા લાગ્યા ધન્ય ધન્ય ॥ સલુ૦ ॥
સુખે કરો જીન સ્થાપના રે, પ્રભુજી થાસે પ્રસન ॥ સલુ૦ ॥ ૧૦
બાઇ કેહે બેઠકનો માંડવો રે, ચઇત બાંધોતે ઠામ ॥ સલુ૦ ॥
આસ પાસનાં ધામ જે રે, વેચાણ લ્યો દઇ દામ ॥ સલુ૦ ॥ ૧૧
સારૂં સારૂં કહી સૌ ગયાં રે, બાઇની બુદ્ધિ અપાર ॥ સલુ૦ ॥
જોતીષ ને ત્યાં તેડીયારે, આવ્યા છે બાઇને દ્વાર ॥ સલુ૦ ॥ ૧૨
શેઠાણીને સૈયેદ છે રે, ત્રીજા હાજીભાઇ ॥ સલુ૦ ॥
કુંવર કેવલ રામના રે, બેઠા છે હરખાઇ ॥ સલુ૦ ॥ ૧૩
સનમુખ છગન જોશીને રે, ગોપાલ જોશી ત્યાંય ॥ સલુ૦ ॥

---

* મહુધા. ૧ માણેકબાઇના. ગુ.

મહુરત પુછવા કારણે રે, તેડયા છે ઘર માંય ॥ સલુ૦ ॥ ૧૪
શેઠાણી કેહે નીજ જોશીને રે, ખાત મહુરત જુઓ આજ ॥ સલુ૦
જ્યોતીષ શાસ્ત્રમાં જોઇનેરે, બોલ્યા જોશીરાજ ॥ સલુ૦ ॥ ૧૫
વૈસાખ સુદી એકાદસીરે, મહુરત છે સુભ એહ ॥ સલુ૦ ॥
વીપ્ર વચન સુણીને તદારે, હરખ્યાં છે સહુ તેહ ॥ સલુ૦ ॥ ૧૬
તે મહુરતને તપાસવારે, ફરમાવ્યું અમૃતભાઇ ॥ સલુ૦ ॥
ગોપાલને સંગ લેઇનેરે, ચાલ્યા છે દાજીભાઇ ॥ સલુ૦ ॥ ૧૭
*રાજનગરમાં આવીઆરે, જ્યાંહાં છે વડા વિદ્વાન ॥ સલુ૦ ॥
શાસ્ત્ર સકળના જાણ જેરે, જેહેનું જગતમાં માન ॥ સલુ૦ ॥ ૧૮
નાઘોરી શાળામાં વસ્યારે, તપાગચ્છ પનાસ ॥ સલુ૦ ॥
પદમસાગર માહારાજજીરે, વાગીશ વદને નીવાસ ॥ સલુ૦ ॥ ૧૯
તે પાસ બંને આવીઆરે, વિસ્તારીને કહી વાત ॥ સલુ૦ ॥
મહુરત આપ્યું એકાદશીરે, તે દીન કરવી ખાત ॥ સલુ૦ ॥ ૨૦
એહેવાં વચન સુણીને તદારે, પદમસાગર[૧] કેહે વાણ ॥ સલુ૦ ॥
બે ચાર જોશી બોલાવીઆરે, શાસ્ત્ર સકળના જાણ ॥ સલુ૦ ॥ ૨૧
[૨] જોતશી ઉતમરામજીરે [૩] ત્રીજા બાપાલાલ ॥ સલુ૦ ॥
પાટણના ગોવિંદલાલજીરે બેઠા છે ગોપાલ ॥ સલુ૦ ॥ ૨૨
છઠા માસ્તર દાજીભાઇરે, બાઇના વાણોતર તેહ ॥ સલુ૦ ॥
દોલતભાઇના પુત્ર છેરે, પ્રેમચંદભાઇ જેહ ॥ સલુ૦ ॥ ૨૩
એ આઘે જન ત્યાં મળ્યારે, નાઘોરીશાળામાંહે ॥ સલુ૦ ॥
મહુરત સૌ મધે ધર્યુંરે, શાસ્ત્રાર્થ ચાલ્યો ત્યાંહે ॥ સલુ૦ ॥ ૨૪
ચપળ ચતુર ચારે જણારે, જોયાં છે ગ્રંથ પ્રમાણ ॥ સલુ૦ ॥
શાસ્ત્ર પ્રમાણે જોએલુંરે, ફેરવી સકે તે કોણ ॥ સલુ૦ ॥ ૨૫
વિક્રમ શક સત ઓગણીરે, જો ચાળીસની સાલ ॥ સલુ૦ ॥
વૈશાખ શુદી એકાદશીરે, ખાત કરો થઇ ન્યાલ ॥ સલુ૦ ॥ ૨૬
પ્રથમ મહુરત કાયમ કરીરે, બાપાલાલે લખી ત્યાંહે ॥ સલુ૦ ॥
સભાની મધ્યમાં આપીયુરે, દાજીભાઇ કર માંહે ॥ સલુ૦ ॥ ૨૭

---

* અમદાવાદ.

તે લઇ બંને આવીયારે, કપડવંજ મોઝાર ॥ સલુ૦ ॥
સેઠાણી સૈયદને કહયો રે, સભા તણો સમાચાર ॥ સલુ૦ ॥ ૨૮
પત્ર સુણી પ્રસંન થયાં રે, અમૃતબાઇ આપ ॥ સલુ૦ ॥
દુર થશે દુઃખ સઊ તણાંણે, ટળસે ત્રીવીધી તાપ ॥ સલુ૦ ॥ ૨૯
એકાદસી ભ્રગુ વાસરે રે, બોલાવ્યા શામળભાઇ ॥ સલુ૦ ॥
ખાત પુજા કરવા તણીરે, આજ્ઞા આપી બાઇ ॥ સલુ૦ ॥ ૩૦
માટે પુજાને કારણે રે, બેઠા શેઠ તેવાર ॥ સલુ૦ ॥
સનમુખ જોશી કરાવતારે, ખાત પુજા તે ઠાર ॥ સલુ૦ ॥ ૩૧
રત્ન ગુણ સુરેશજીરે, બેઠા છે તેહ ઠામ ॥ સલુ૦ ॥
જોતીશ શાસ્ત્ર પ્રમાણથીરે, ચાલે પુજાનું કામ ॥ સલુ૦ ॥ ૩૨
પ્રેમેથી પુજા કરાવીનેરે, કળશ કુરમ શીળા ત્યાંહે ॥ સલુ૦ ॥
શામળ ભાઇએ આપીયાંરે, સનમુખના કરમાંહે ॥ સલુ૦ ॥ ૩૩
સનમુખ છગન સલાટ બેરે, લેઇ ચાલ્યા પાતાળ ॥ સલુ૦ ॥
કુરમને કળશ બે સ્થાપીયારે, પ્રથવી તળાતે કાળ ॥ સલુ૦ ॥ ૩૪
ત્યાર પછી શીળા ન્યાસનેરે, કરવાની પેરણા કીધી ॥ સલુ૦ ॥
નાથાશા નોકર જાણીનેરે, પરવાનગી બાઇએ દીધી ॥ સલુ૦ ॥ ૩૫
શીળાન્યાસ સુખથી કર્યુરે, પાટ પુજા સુખકંદ ॥ સલુ૦ ॥
વાણોતર પોતા તણારે, શંકર ભાઇ પ્રેમચંદ ॥ સલુ૦ ॥ ૩૬
પટપુજા તેણે કરીરે, પદમશીળા પછી જાણ ॥ સલુ૦ ॥
જમનાદાસના હાથથીરે, કરાવી પુજા પ્રમાણ ॥ સલુ૦ ॥ ૩૭
દેરાસરના દ્વારનીરે, પુજા કરવાની પ્રીત ॥ સલુ૦ ॥
છોટાભાઇ લલુભાઈનેરે, બેસાડીયા રૂડી રીત ॥ સલુ૦ ॥ ૩૮
અધીક અક્કલવાન છે રે, છગન કાશિરામ ॥ સલુ૦ ॥
ચૈત્ય બાંધ્યું ચીતમાં ધરીરે, કીધું સુશોભિત કામ ॥ સલુ૦ ॥ ૩૯
રાજનગરના રહીસ છે રે, સલાટમાં સીરદાર ॥ સલુ૦ ॥
દેરાસર બે વરશમાંરે, સરસ કર્યું તૈયાર ॥ સલુ૦ ॥ ૪૦
આગળ રચના એહનીરે, કરશે કવિ પ્રખ્યાત ॥ સલુ૦ ॥
જોતાં નજરે નીહાળીનેરે, ભાગે ભવદુખ ભ્રાત ॥ સલુ૦ ॥ ૪૧

બીંબ લાવવા કારણેરે, મન ધાર્યું નીરધાર ॥ સલુ૦ ॥
બે ચારજણ બોલાવીનેરે, શેઠાણી બોલ્યા તેવાર ॥ સલુ૦ ૪૨

## ઢાળ ॥ ૩ ॥ રાગ મારૂની દેશી.

ઓખા કહે છે સુણને સાહેલી. ॥ એ દેશી ॥

દયાળુ દીસે અમૃતબાઇ, તેડાવ્યા છે પોતાના ભાઇ ॥
ગાંધી છગનલાલ છે સુરા, નહીં એકે વાતે અધુરા. ॥ ૧
ભુરાભાઈ ને તારાચંદ નામ, જેઠાલાલનું મધુપુરી ગામ ॥
તેમને તેડયા પોતાની પાસ, કહેવાને સઘળો ઇતિહાસ ॥ ૨
દેરાસર તો થયું તૈયાર, પણ બીંબ નથી આ ઠાર ॥
માટે રાજનગરમાં જાઓ, નગરશેઠની ભેળા થાઓ ॥ ૩
નામ પ્રેમાભાઇ પ્રખ્યાત, હીમાભાઇ છે જેમના તાત ॥
જેના કુળમાં એ પ્રગટયા ભાણ, પોતે ચૌદ વિધા ગુણજાણ ॥ ૪
પર ઉપકારી પ્રેમી જન ધન્ય, જનુનીએ જનમ્યા રતન ॥
જસવંત પરાક્રમી પોતે, દયાલા વન્યતા ભરી જોતે ॥ ૫
સત્યવાદીને પરમ પવિત્ર, જાણો શેઠના શેઠ એ મીત્ર ॥
પુરશોતમ પુરણ આધારી, જેણે કામ કર્યું બહુ ભારી ॥ ૬
પુંજાશાના એ પુત્ર પ્રતાપી, રૂડી કીર્તી જગતમાં વ્યાપી ॥
તે બતાવસે પ્રતમા પ્રીતે, ત્યાંથી લાવજ્યો રૂડી રીતે ॥ ૭
સુણી અમૃતબાઇની વાણી, ચાલ્યા હરખ હૈયામાં આણી ॥
છગનલાલ હે ભુરાભાઇ, તારાચંદ ચાલ્યા હરખાઇ ॥ ૮
જેઠાલાલ ભાઇ છે જોડે, મનમાં પ્રભુ દરશણના કોડે ॥
સૈયદે લખ્યો પત્ર તેવારે, આપ્યો તારાચંદને ત્યારે ॥ ૯
કહી વાત તે રાખી છે યાદ, આવ્યા ઉલટથી અમદાવાદ ॥
પ્રેમાભાઇનું પવીત્ર છે ધામ, મળી મીટીંગ તેણે ઠામ ॥ ૧૦
પેહેલી ખુરશીએ પ્રેમાભાઇ, બીજા જેશંગભાઇ સુખદાઇ ॥
સુત મગુભાઇના વળી જેહ, નામ મનસુખભાઇ છે તેહ ॥ ૧૧
છે મગનભાઇ સ્વરૂપચંદ, બાલાભાઇતો દીસે સુખકંદ ॥

મળ્યા કોઇ કારણુ સર ભેળા, આવી અરજ કરી તે વેળા ॥ ૧૨
અમે કપડવંજથી આવ્યા, પત્ર અમૃતભાઇનો લાવ્યા ॥
એમ કહીને આપ્યો કર પત્ર, વાંચી વાકેફ થયા સર્વત્ર ॥ ૧૩
પછી પત્ર લખ્યો એક ત્યાંહે, નગ્ર પાલીતણા છે જ્યાંહે ॥
શેઠ આણુંદજી કલ્યાણ, નથી જકત વીશે તે અજાણ ॥ ૧૪
તમો તેમની પાસે જાવો, બીંબ અપાવસે તે લેઇ આવો ॥
લીધો પત્ર તે છગનલાલ, જે છે મોતી ગાંધીના બાળ ॥ ૧૫
જુરાભાઇ ને જેઠાલાલ જેહ, ચાલ્યા ત્રણે જણ મળી તેહ ॥
આવ્યા પાલીતાણા તણા મોઝાર, પુછીને શેઠજીનું દ્વાર ॥ ૧૬
તેહેના મુનીમ ઇદ્રજીભાઇ, આવી તેહેને મળ્યા સુખદાઇ ॥
હળી મળી કર્યા છે જુહાર, પુછ્યા કુશળના સમાચાર ॥ ૧૭
આપ્યો પત્ર પ્રેમાભાઇનો ત્યાંહે, વાંચી હરખ્યા છે મન માંહે ॥
તેહેને સંગ લેઇ તેણીવાર, આવ્યા ગીરી ઉપર જણ ચાર ॥ ૧૮
દેખાડ્યા પ્રભુજીને તે દીશ, અપાવી પ્રતમા ત્યાંથી ત્રીશ ॥
બીંબ અંજન શલાખાનાં જેહ, જોઇ પ્રસંન થયા છે તેહ ॥ ૧૯
ત્રણે જણ બુદ્ધિના બળીયા, લેઇ બીંબને પાછા વળીયા ॥
મધુપુરીમાં પધાર્યા છે પ્રીતે, પરણુંગતે જો રૂડી રીતે ॥ ૨૦
ત્યાંહાંના દેરાસર મોઝાર, લેઈ મુક્યા પ્રભુને તે ઠાર ॥
એક અભીનંદન ભગવાન, હતા અમદાવાદ નીદાન ॥ ૨૧
તે તારાચંદને મન ભાવ્યા, લેઇ મધુપુરીમાં મોકલાવ્યા ॥
બેસાડી પ્રભુજીને ત્યાંહે, પછી આવીયા નીજ પુર માંહે ॥ ૨૨
કહી શેઠાણીને તેહ વાત, સુણી મનમાં થયાં રળીયાત ॥
વાત સહુ કોને મન ભાવે, એહેવે ચઇતર માસજ આવે ॥ ૨૩
સુક્લ પક્ષ ઘણું સુખકારી, પ્રભુ લાવવા જોઇ તીથી સારી ॥
જઇ મધુપુરીથી પ્રભુ લીધા, કપડવંજના રસ્તા છે સીધા ॥ ૨૪
ચઇતર સુદ તેરશનો દન, પધાર્યા પ્રભુ પુરમાં તે ધન્ય ॥
નગ્ર બાહેર ગંગાની તીર, રોપ્યો તંબુ ધરી મન ધીર ॥ ૨૫

અરૂણોદય પેહેલાં એ આવ્યા, તંબુમાં સીંહાસને પધરાવ્યા ॥
થયું નગર સર્વેમાં જાણ, આવ્યા પરમેશ્વર પરમાણ ॥ ૨૬
બાઇએ સામૈએ જાવાનું કાહાવ્યું, નાત લોકના મનમાં ભાવ્યું ॥
શ્રાવકજનને તો હર્ષ ન માય, નવા પોશાગ અંગે સોહાય ॥ ૨૭
સોખીલા શ્રાવક સુખકારી, બન્યાં નોતમ નર ને નારી ॥
તે સમાની શોભાનો નહીં પાર, બનીઠની આવ્યાં બાઇને દ્વાર ॥ ૨૮
આણસુરગછના જેહ, રત્નગુણ સુરીશ છે તેહ ॥
મેનામાં બેશી તેણીવાર, આવ્યા ગંગાની મઠ મોઝાર ॥ ૨૯
બાજે વાજીંત્ર નાના પ્રકાર, ચાલ્યા સામૈએ તેણીવાર ॥
મળ્યા લોક હજારો તે ઠારે, ગુણીજન આવ્યા ગંગા કીનારે ॥ ૩૦
દેખતાં દેવ દીલમાંહી ભાવ્યા, કુમકુમ અક્ષતથી તે વધાવ્યા ॥
રત્ન ગુણ સુરી છે સુપાત્ર, ભણાવ્યું તેમણે તો સનાત્ર ॥ ૩૧
પછી પાલખીમાં પધરાવ્યા, શોભીતા શણગાર ધરાવ્યા ॥
કર્યો પુરમાં પ્રભુએ પ્રવેશ, શોભા વરણી શકેશું શેશ ॥ ૩૨
ગાએ ગીત શ્રાવકની નારી, જાઉં તે પર તન મન વારી ॥
થાએ વાજીંત્રતો બહુ સોહારે, લોક જોવા મળ્યા ઠોરઠોરે ॥ ૩૩
આવ્યા ચઉટા ચોક મોઝાર, તે શોભાનો કરૂં શું વીસ્તાર ॥
ગામના ગૃહસ્થ મંડળ જેહ, પધાર્યા વરઘોડામાં તેહ ॥ ૩૪
દીસે લોક તણી ભીડ ભારી, ગાએ કોકીલ સ્વરથી નારી ॥
પોળે પુષ્પ ગ્રહી રહી પ્યારી, વધાવે વારણા લેતી વારી ॥ ૩૫
થયો આનંદ સહુને અંગે, પધાર્યા પ્રભુ પૂરમાં ઉમંગે ॥
ચઇત શાંતી નાથનું જ્યાંહે, લેઈ ચાલ્યા પ્રભુને ત્યાંહે ॥ ૩૬
શોભે દેવ તે દેવને ઠામ, માટે ત્યાં આપ્યો છે મુકામ ॥
લાગ્યાં સરવ પ્રભુને પાએ, પછી સરવે થયાં છે વીદાયે ॥ ૩૭
હવે ત્યાર પછી શું થાએ, ભુરો જોશી તે કેહે મહીમાએ,

**ઢાળ ॥ ૪ ॥ ધાંસો-લાવણી.**

મેરા પ્રભુ કલ્પ ચંદ્ર બંકા જક્તમાં હે જીનકાડંકા. ॥ એ દેશી ॥
પ્રભુએ બુદ્ધિ સારી દીધી, નામના નવ ખંડે કીધી ॥

કેહે છે અમૃતબાઇ પોતે, સુંણે શાણા સૈયદ જો તે ॥
ઊજમણું પુરવાને કામે, જોઇએ સરસામન આ ઠામે ॥
તે લેવા મુંબઇએ જઇએ, માલ લેઇ આવીસું અહીંએ ॥
ફરીને એહેવો વીચારે, થયાં જાવાને તૈયારે ॥
જેમની બુદ્ધિ બહુ સારી, સંગ લીધા છે કારભારી ॥
મોતીલાલ સુત છગનભાઇ, બેહેન રૂક્ષમણી જમનાબાઇ ॥
દોશી રણછોડ લક્ષ્મીદાસ, તારાચંદ હરજીવનદાસ ॥
છગનભાઈનો એક લાલ, નામ તેનું ચુનીલાલ ॥
એક છે બાઇને બહુ વાહાલી, મગન ગાંધીની પુત્રી બાલી ॥
દાજીભાઇ કેવળરામ કોડે, હરીકીશન ભુધર જોડે ॥
એટલાં જણ સંગે લેઇને, ઊતર્યા સુરતમાં જઇને ॥
ત્યાંથી પછી મુંબઇ સીધાવ્યાં, શેહેર સોભીતાં મન ભાવ્યા ॥
માલ ખરીદો મુંબઇમાંથી, પછી ગયાં પુને સઉ ત્યાંથી ॥
ત્યાંથી સરસામન બહુ લીધો, તે રવાંના મુંબઇ કીધો ॥
શેહેર મુંબઇ થઇને આવ્યાં, ભાત ભાતની ચીજો લાવ્યાં ॥
ધાટ અમદાવાદ નોકાવે, તારાચંદ મોતીચંદ ધડાવે ॥
તે લેઇ દાજી માસ્તર આવે, દેખતાં દીલમાંહી ભાવે ॥
હીમ મુકતાફળના હારે, ચળકે તેં તડીતને આકારે ॥
દાગીના પરમેશ્વર ધરશે, ભુરાના જોઇ હૈડાં ઠરશેજી રટતુહી. રટતુહી ॥

## ઢાળ ॥ ૫ ॥

સાંભળજો સજ્જન નર નારી હેત શિખામણ સારીજીરે. ॥ એ દેશી ॥

શેઠાણી અમૃતબાઇ પોતે, ચંચળ ચતુર સુજાણજીરે;
પ્રતીષ્ટા મુહુરતને માટે, તેડયું પંચ પ્રમાણ– સાંભળો ભાઇજીરે–
વદે મુખથી મધુરી વાણ ॥ સાંભળો ॥ એ આંકણી ॥ ૧
બંધવ દોલત છગન મગનને, તેડયા છે હરખાઇ જીરે
મુનીમ સૈયદ હુશેન જેમાં, ઝાઝી છે ચતુરાઇ ॥ સાંભળો ॥ ૨
સામળ ભાઇની આદે સગાં સૌ, બેઠાં છે સનમુખ જીરે

વાણોતર તારાચંદ આદે, લલુ ને દલસુખ ॥ સાંભળો ॥ ૩
સરવેના સાંભળતાં કેહે છે, અમૃતબાઈ એમ જી રે
બીંબ પ્રતીષ્ટા મુહુરતનું તો, કરવું હાવે કેમ ॥ સાંભળો ॥ ૪
એમ સુણી તે વેળા સરવે, શ્રીપુજ્ય પાસે આવ્યાજી રે
સમજુ શાણા ડાહયા જનને, સંગે તેડી લાવ્યા ॥ સાંભળો ॥ ૫
શ્રીપુજની સનમુખ આવી, સુચવીયું તેણીવાર જી રે
બેસાડવાં હવે બીંબ પ્રભુના, મુહુરત જુઓ સીકાર ॥ સાંભળો ॥ ૬
શ્રી પુજ કે શાસ્ત્ર જોઇને, ઉત્તર તમને દેઈસું જી રે
વચન સુણી સરવેજ સીધાવ્યા, મહારાજા કરે તઇસું ॥ સાંભળો ॥૭
વળતી વીજય ગુણરત્નસુરીશજી, શાસ્ત્રમાં સોધન કરતાજી રે
જોતીશ જૈન તણાં પુસ્તક જોઇ, ઉરમાં આનંદ ધરતા ॥ સાંભળો ॥૮
ગુણનીધીએ ઘણો શ્રમ લેને, બે મુહુરત સુભ કાઢયાં જી રે
સભા કરી પંડીત શાસ્ત્રીને, તે મુહુરત દેખાડયાં ॥ સાંભળો ॥ ૯
તે જોઇને પંડીતજી બોલ્યા, ધન્ય વિદ્વતા તમારી જી રે
ભારતી તો ભરપુર બીવાએ, નીવાસ કીધો નારી ॥ સાંભળો ॥ ૧૦
ધરમ ધોરંધર ધર્મગુરૂ છો, શાસ્ત્ર સકળના જાણ જી રે
આપની આગળ શાસ્ત્રજમાંતો, વદવા સમરથ કોણ ॥ સાંભળો ॥ ૧૧
એમ કહી પંડીતજી સીધાવ્યા, પોતપોતાને ગામ જી રે
પછી ગામના શ્રાવક જનની, સભા ભરી તે ઠામ ॥ સાંભળો ॥ ૧૨
શેઠાણીના ભ્રાતની આદે, વાણોતર સહુ આવ્યા જી રે
ગામ તણા જોશી જનને ત્યાં સંગે તેડી લાવ્યા ॥ સાંભળો ॥ ૧૩
વીજય ગુણ રત્નસુરી પાસે, સભા ભરાઇ સારી જીરે
માહારાજે મુહુરતની બીના, કહી છે ત્યાં વીસ્તારી ॥ સાંભળો ॥ ૧૪
બે મુહુરત સહુ સનમુખ મુક્યાં, લખી સભા મોઝાર જી રે
વઇસાખ સુદ સાતમ એકાદશી, મુહુરત સુભ સીકાર ॥ સાંભળો ॥ ૧૫
સુણી સનમુખ જોશીજી ઉઠયા, તતક્ષણ તેણી વાર જીરે
એકાદશી અગ્યારતું મુહુરત, લીધું કર મોઝાર ॥ સાંભળો ॥ ૧૬

એકાદશીનું મુહુરત નકી, કરશે તે દીન વીધી જીરે
દેશોદેશ કાગળની મધ્યે, કંકોતરી લખી દીધી ॥ સાંભળો ॥ ૧૭
શ્રાવક પંચ સમસ્તની આદે, નીજ જ્ઞાતિ પંચ ગામ જીરે
લુણાવાડા ગોધરા વેજલપુર, મોડાસા મધુપુરી નામ ॥ સાંભળો ॥ ૧૮
નાત જાતને રાજા રૂડા, ઠાકોર ને ઠકરાણી જીરે
સાહેબને અધિકારી મોટા, આવે ઉલટ આણી ॥ સાંભળો ॥ ૧૯
ગૃહસ્થ અને આડતીયા આદે, તેડયા છે જન બહુ જીરે
મહુરત ઉપર આવે સરવે, સગાં સંબંધી સઉ ॥ સાંભળો ॥ ૨૦
દેરાસરનો મંડપ મનોહર, શણગારે જન સહુ જીરે
તે શોભાનું વરણન દષ્ટે, દેખ્યું તેટલું કહું ॥ સંભળો ॥ ૨૧

ઢાળ ॥ ૬ ॥

દેહ મનુશ ધરી હરી ન જાણ્યા તેહેણે સરવસ ખોયું. ॥ એ દેશી ॥

ખુબી ખુબ કરી દેરાસરને દેખી દીલ હરખાએ,
અદભુત લીલા ચઇત તણી તે ના વીધીએ વરતાએ ॥ ટેક ॥
એ દેરૂં ગગનમાં ગાજે છે, તે ઉપર કળશ બીરાજે છે
જોડે જરી નીશાન તો છાજે છેરે ॥ ખુબી. ॥ ૧
જેમાં ચાર દ્વાર શોભીત સારાં, તે જોતાં લાગે છે પ્યારાં
કર્યા એક એકથી તે ન્યારાં રે ॥ ખુબી. ॥ ૨
ઘુમટમાં અષ્ટ પુતળી કેવી, એ જોતાં આંખ્યો ઠરે એવી,
દેખંતી અપ્સરાઓ જેવી રે ॥ ખુબી. ॥ ૩
માંહી ચીત્રકળા શોભીત સારી, ચીતરી છબીયો ન્યારી ન્યારી,
તે જોઇને મોહી મતી માહારી રે ॥ ખુબી. ॥ ૪
મધ્યેપવાસન સરસ ધર્યું, બેસવાનું પ્રભુનું બેશ કર્યું
નજરે દેખી કાળજડું ઠર્યુ રે ॥ ખુબી. ॥ ૫
જડયા આરસમાંહી કાચ અતી, તેહેમાં ચીતર્યા ઇંદ્ર જે દેવ પતી,
એ ચીત્ર વીશે નથી ભુલ રતી રે ॥ ખુબી. ॥ ૬
માંહી ચંદ્ર સુરજ સોભે સારા, દીપે વેલ કમળ ન્યારાં ન્યારાં,

ધન ધન જયપુરના ચીતારા રે ॥ ખુબી. ॥ ૭
ઉપર આરસની છતરી ધરી, શોભીત કારીગરી બેશ કરી,
ધર્યા ચૌદ સુપન તે જો સુંદરી રે ॥ ખુબી. ॥ ૮
ગંભીર ઘભારો છે ભારી, માંહી પુતળીયો સોભીત સારી,
વાજાં વજાડતી કરમાં ધારી રે ॥ ખુબી. ॥ ૯
ઘણા સ્થંભ ધર્યા પાશાણુ તણા, તે કારીગરીમાં નથીરે મણા,
તેજ રંગ તણા તો ચળકે ઘણાં રે ॥ ખુબી. ॥ ૧૦
શોભા મેહેરાપોની મુખ સું કહીએ, ગણતાં ગણતાં ભુલી જઇએ,
જોઇ રચનાને રાજી થઇએ રે ॥ ખુબી. ॥ ૧૧
હાંડીયો તકતા હારો હારે, ગોળ વાલટ કે અપરમપારે,
ચીનાઇ ઝાડ ઝુમર ભભકાદારે રે ॥ ખુબી. ॥ ૧૨
લીલાં લાલ સફેદ ને આસમાની, તેવી હાંડીયો માંહી નાહાની નાહાની,
ધર્યુ ચીનાઇખાનું ત્યાં ભુલ શાની રે ॥ ખુબી. ॥ ૧૩
તેમાં કેટલીક સોનેરી દીસે, ચળકે હીરાસમ તે અતીશે
મોહોટા તકતા જોઇ મનડું હીશે રે ॥ ખુબી. ॥ ૧૪
વળી વાલસીટ વીશેષ ધર્યા, જોડે લેંપ સોહાવ્યાં સર્સ નર્યા,
રોશની દેખી કાળજડાં ઠર્યા રે ॥ ખુબી. ॥ ૧૫
એ મંડપ આરસથી મઢીયો, ચીતરામણ વેલ ધરો જડીયો,
છડીદાર ઉભા કર લેઇ છડીયો રે ॥ ખુબી. ॥ ૧૬
ઘોર ઘંટ તણા અતીશે ગાજે, ઘડીયાલ ઘડી ઘડીએ વાજે,
મેં નજરે નીરખ્યું છે આજે રે ॥ ખુબી. ॥ ૧૭
શોભા ઇંદ્રપુરીથી અધીક ન્યારી, જુઓ તન મનથી ધારી ધારી,
સઉ મંગળમય છે સુખકારી રે ॥ ખુબી. ॥ ૧૮
સાંહાંમુ દેહેરું પુંડરીકને કાજે, જોડે ગઉતમ સ્વામી માહારાજે,
કરી ત્યાં પણ સુંદર લીલા જે રે ॥ ખુબી. ॥ ૧૯
દેહેરું સઉના મનમાં ભાવ્યું છે, નામ અષ્ટાપદજી ધરાવ્યું છે,
જેમાં ધન ઝાઝું ખરચાયું છે રે ॥ ખુબી. ॥ ૨૦

તે દેવલ પર સીખરા રેહે છે, તેહેનું નામ શામરમ પણ કેહે છે,
જે જોવાને ઉર ઇચ્છે છે રે ॥ ખુબી. ॥ ૨૧
ભોંયરાં કીધાં છે ભાવ ધરી, તેમાં કરી છે સારી કારીગરી,
જોવાને જઈએ ફરી રે ફરીરે ॥ ખુબી. ॥ ૨૨
અકળીત લીલા ન કળી જાએ, એ માપ પ્રભુનું નવ થાએ,
ગતી મતી પ્રમાણે કવી ગાએ રે ॥ ખુબી. ॥ ૨૩
ધન્ય ધન્ય રે એ અમૃતબાઈ, ધન્ય ડાહાપણુ ને વળી ચતુરાઈ,
ધન્ય ધન્ય જનેતા નીજ બાઇ રે ॥ ખુબી. ॥ ૨૪
શોભા દેરાસરની એ ગાઇ, દ્રષ્ટે દેખી તે દરસાઇ,
પુર્યું ઊજમણું તે કહું બાઇ રે ॥ ખુબી. ॥ ૨૫
એ લીલા જોઇ આનંદ થાએ, જોને જીન પરમેશ્વર મહીમાએ,
ભુરો જોશી પ્રભુના ગુણુ ગાએ રે ॥ ખુબી. ॥ ૨૬

### ઢાળ ॥ ૭ ॥

ક્યાં ગયોરે પેલો મોરલીવાળો અમારો ઘુંઘટ ખોલી રે. ॥ એ દેશી ॥
પુર્યું ઊજમણું અમૃતબાઇએ, તે જોવાને જઇએ રે ॥
સ્વર્ગ થકી શોભા શત ઘણી તે, જોઇને સુખીયાં થઇએ રે ॥ટેક.॥
દેરાસરના સામે રચીયો, મનહર મંડપ સારો રે ॥
(વીશ્વ)કરમાને વીધી જોઇ ભુલે, શ્રષ્ટીનો કરનારો રે ॥ પુર્યું. ॥ ૧
મંડપના જે સ્થંભ રૂપાળા, રૂડા ને રંગ ભરીયા રે ॥
કારીગરી બહુ સારી કરીને, ચીત્ર ભલાં ચીતરીયાં રે ॥ પુર્યું. ॥૨
તે પર મેહેરાપો મજબુત જો, પાંચ કમાનો કાહાડી રે ॥
પંચ રંગીની ઝુલ્યો ફરતી, મુકી છેજ પછાડી રે ॥ પુર્યું. ॥ ૩
સુંદીર છાટ જડી અલબેલી, જરીબુટા માંહી ઝળકે રે ॥
તેપર વેલ સોનેરી ધારી, ચપળ ચંદ્રસી ચળકે રે ॥ પુર્યું. ॥ ૪
રંગ રંગના જુદા તકતા, હાંડીયો છેજ હજાર રે ॥
ઝાડ ઝુમરને વાલશીટમાં, દીવા ભભકાદાર રે ॥ પુર્યું. ॥ ૫
રોશની તો રજનીએ થાતી, નઊતમ લીલા પાડી રે ॥

ભાત ભાતના રંગ ભરીને, સરસ ધરી છે વાડી રે ॥ પુર્યું. ॥ ૬
લીલા લાલ પીળા આસમાની, સફેદ સુંદીર જોળા રે ॥
મંદ મંદ ત્યાં વાયુ વેગે, તે ખાતા હીંદોળા રે ॥ પુર્યું. ॥ ૭
તેહેની મધ્યે છતરી મુકી, રૂપાની રૂપાળી રે ॥
અદભુત શોભા તેહેની આગે, નજરે જોયું ન્યાળી રે ॥ પુર્યું. ॥ ૮
પાલીતાણાના આદિશ્વરજી, મુળ નાયક માહારાજા રે ॥
રંગમંડપમાં તેજ બીરાજ્યા, જુએ મળી જન ઝાઝા રે ॥ પુર્યું. ॥૯
પરીયો પ્યારી બહુ રૂપાળી, સુંદરી છેલછોગાળી રે ॥
ચંદ્ર સરીખાં મુખડાં તેહેનાં, લાલ દીસે લટકાળી રે ॥ પુર્યું. ॥ ૧૦
ચાંદીના ત્રણુ બાજઠ ઉપર, સીંહાસન સુભ શોભે રે ॥
તેજ તડીત સમા ત્યાં ઝળકે, જે જોઇ મનડું લોભે રે ॥ પુર્યું.॥૧૧
પ્રીત કરી પ્રભુજી પધરાવ્યા, હરખ હૈઆમાં ધારી રે ॥
નીત્ય નીત્ય નવલ આંગી અંગે, ધરતા તે બહુ સારી રે ॥પુર્યું॥૧૨
પ્રભુજીને માથે મુગટ બીરાજે, ચગમગ હીરા ઝળકે રે ॥
લીલમોતી લીલા અદભુત, કાને કુંડળ લલકે રે ॥ પુર્યું. ॥ ૧૩
ભાલ તીલક કેસરનાં કીધાં, ભ્રમર ભ્રગુટી ભાળી રે ॥
અણીયારી આંખડીયો મધ્યે, કીકી કામણુ ગાળી રે ॥ પુર્યું. ॥ ૧૪
અરૂણુ બીંબ શા અધર પ્રભુનાં, મુખડાં જોઇ મન હરખે રે ॥
હાર હીમ મુકતાફળ હઇએ, નેહ ધરી જન નરખે રે ॥ પુર્યું. ॥ ૧૫
પુષ્પ માળ કંઠે આરોપી, સુગંધ પ્રસરી સારીરે ॥
એહેવી શોભા મુળનાયકની, જોઇને જાઉં બલીહારી રે ॥ પુર્યું ॥ ૧૬
મુંબઇમાં મ્હોટા નામાંકીત, કસબના ભરનારા રે ॥
મંછારામ ઇચ્છારામ નામે, કહાવે જરદોશવારા રે ॥ પુર્યું ॥ ૧૭
બાઈએ એ જણુને મોકલ્યાતા, નાથજી–દોલતભાઇ રે ॥
શેઠાણીના કહયા પ્રમાણે, હકીકત કહી સમજાવી રે ॥ પુર્યું ॥ ૧૮
ઝીંકતણા ચંદરવા ભરીયા, ભરત ભલાં માંહી ઝળકે રે ॥
રૂમાલને પુઠાંની અંદર, તારા ટબકી ઝળકે રે ॥ પુર્યું ॥ ૧૯

તે મુંબઇ જઇને લેઇ આવ્યાં, દોલત ને નાથાશા રે ॥
મનહર મંડપમાં સોહાવ્યાં, પુરે પ્રભુજી આશા રે ॥ પુર્યું ॥ ૨૦
ચંદરવા પુઠાંની આદે, રૂમાલ છેજ રૂપાળા રે ॥
ફુલેવારને ભરત ભરેલા, કીનખાબ બુટાવાળા રે ॥ પુર્યું ॥ ૨૧
વીશ પીટકા વીશ પેટીઓ, વીશ છે ઠવણી તેહેવી રે ॥
ચોપડી પુસ્તક રૂમાલ ધરીયાં, જુગતી જોવા જેવી રે ॥ પુર્યું ॥ ૨૨
જૈન ધરમનાં પુસ્તક જેહેમાં, જ્ઞાન તણો નહીં પાર રે ॥
દેવપુરીમાં દશ ધણી લીલા, કીધી છે તે ઠાર રે ॥ પુર્યું ॥ ૨૩
નાટીરંગ નૌતમનીત થાએ, સનમુખ ગાંધ્રવ ગાએ રે ॥
નરનારી દરશણ ને માટે, ભારે ભીડ ભરાએ રે ॥ પુર્યું ॥ ૨૪
ભાત ભાતની ચીજો મુંબઇ, પુને જઇને લાવ્યાં રે ॥
પ્રેમ કરીને પુર્યું સરવે, ઊજમણાં દીપાવ્યાં રે ॥ પુર્યું ॥ ૨૫
અમચિત વસ્તુ ઊજમણામાં, તરેહ તરેહની મુકી રે ॥
જે જોતામાં ચીતડું ચળકે, ગણતાં જઇએ ચુકી રે ॥ પુર્યું ॥ ૨૬
ઓદીના માહારાજ પધાર્યા, આનંદ ધરીને અંગે રે ॥
ભાવે ભેટ મુકીને બેઠા, મુળનાયકની સંગેરે ॥ પુર્યું ॥ ૨૭
ઉજમણાની શોભા કેહેતાં, શેશ ન પામે પાર રે ॥
અલ્પમતી હું પાંમર પ્રાણી, કેમ કરૂં વીસ્તાર રે ॥ પુર્યું ॥ ૨૮
તેજ પોળમાં બીજો માંડવો, બેઠક શોભા સારી રે ॥
ચીત્ર વીચીત્ર છે રચના તેહેની, જોઇને જાઊં બલીહારી રે ॥ પુર્યું ॥ ૨૯
ખંડ કર્યા બે જુદા તેહેમાં, ખુબી કરી બહુ ભારી રે ॥
બનીઠનીને સરવે બેશે, મરજાદથી નરનારી રે ॥ પુર્યું ॥ ૩૦
ગામ તણા જે ગૃહસ્થ ગુણીજન, નાણાવટી નરસુબા રે ॥
માનસહીત બેઠકમાં બીરાજે, ચોપદાર રહે ઊભારે ॥ પુર્યું ॥ ૩૧
શ્રાવકની શોખીલી નારી, રંગ ભરીને રૂપાળી રે ॥
હંસ ગતી ચંચળ ચતુરાની, આંખડી કામણ ગાળી રે ॥ પુર્યું ॥ ૩૨
તારૂણ તારૂણી બાળા અંગે, પોશાગ રૂડા પેહેરી રે ॥

કોકીલ સ્વરથી ગાન કરતી, લટકાં કરતી લેહેરી રે ॥ પુર્યું ॥ ૩૩
સોળે શણુગાર સજીયા અંગે, વાળે પરોવ્યાં મોતી રે ॥
જાણે ઊરવંસી કે રંભા, મનહર મનડાં મોતી રે ॥ પુર્યું ॥ ૩૪
છેલ છબીલી રંગ રસીલી, ફુદડી ફરે લટકાળી રે ॥
ગીત મધુરાં મુખથી ગાવે, લેઈ એક એક સું તાળી રે ॥ પુર્યું ॥ ૩૫
શ્રીફળ આદે પ્રભાવના માં, નીત્ય નવી ચીજ અપાએરે ॥
ભામીનીયો ભરપુર મળીને, વીનવે છે જીનેરાએ રે ॥ પુર્યું ॥ ૩૬
દરવાજે ચોઘડીયાં વાજે, શરણાઇ સુરમાં ગાવે રે ॥
તાળ સુરમાં ફરતા ફરતી, ગત ગુણી જન બજાવેરે ॥ પુર્યું ॥ ૩૭
સુરતના શોખીલા લોકો, તેડાવ્યા વાજાં વાળા રે ॥
છતરી વાજાં તે લેઇ આવ્યા, લાલ લોક લટકાળા રે ॥ પુર્યું ॥૩૮
સુંદર સ્વરથી ગાન કરતા, રાગ રાગણી ગાવેરે ॥
રામ ઢોલને પડઘમ નાદે, સઉના મન રીઝાવે રે ॥ પુર્યું ॥ ૩૯
રાજમારગમાં રોપ્યા વાવટા, લીલા પીળા ને લાલ રે ॥
વાયુ વેગે ફરફર ઉડે, જોઇને થઇએ ન્યાહાલ રે ॥ પુર્યું ॥ ૪૦
ચીંતામણુના દેવલ પાસે, ત્યાં એક મંડપ કરીયો રે ॥
દીપમાન દરવાજો તે પર, મોર પુતળીયો ધરીયો રે ॥ પુર્યું ॥ ૪૧
પુરવ દીશામાં ચકલું મોહોટું, કનસારાંનું કાહાવે રે ॥
ત્યાંસુધી શોભા ખુબ કીધી, વાવટા બહુ બંધાવે રે ॥ પુર્યું ॥ ૪૨
શાંતિનાથના દેહેરા આગળ, મંડપ છે રૂપાળો રે ॥
લીલા નવલી ત્યાં નીત્ય થાતી, પ્રભુએ કર્યો જ્યાં ઢાળો રે ॥ પુર્યું ॥ ૪૩
મારગમાં બહુ દીવા કરતા, રાતે હારોહાર રે ॥
એ શોભાનું વરણુન કરતાં, પામે નહીં કો પાર રે ॥ પુર્યું ॥ ૪૪
વઇશાખ સુદી છઠ રવીવારે, પ્રગટયો પુરણુ ઉલાસ રે ॥
જળ જાત્રાનો વરઘોડો તે, વરણુવે ભુરો બ્યાસ રે ॥ પુર્યું ॥ ૪૫

**દોહરો.**

વઈશાખ સુદી શષ્ટીએ, પ્રાતઃકાળ પ્રમાણુ;
જળ લેવાને સંચર્યા, વણારશીએ જાણુ. ૧

બે ત્રણ શ્રાવક સાથમાં, એક જતિ મહારાજ;
ગાડીમાંથી ઊતરી, ત્યાં કરતા શુભ કાજ. ૨
શાસ્ત્ર પ્રમાણે તે જતિ, પઢતા મુખથી પાઠ;
ગંગા તિર ગોદાવિયા, કૂપ એક સો આઠ. ૩
અનુક્રમે ત્યાં વિધિ કરી, શ્રીફળ નવેદ સાર;
જળ લેઇ સઘળા કુપનું, ભર્યો કુંભ તે ઠાર. ૪
તે લાવી ધર્યો વાડીંયે, મીઠા તલાવમોઝાર;
વરઘોડો લઇ આવશે, વાડીમાં નરનાર. ૫
હર્ષ થયો હૈયા વીશે, ધન્ય ધન્ય આજનો દન;
વરઘોડો વિધિએ ચડયો, તેનું કરૂં વરણન. ૬

## ઢાળ ॥ ૮ ॥

જુઓ જુઓ જગતના લોક વરઘોડો વીઠલેશનો. ॥ એ દેશી ॥

ચાલો ચાલો ને જોવા જઇએ, વરઘોડો જીનવર તણો ॥
રૂષભદેવનાં વારણાં લેઇએ, વરઘોડો જીનવર તણો ॥ ટેક. ॥

સઉની આગળ ડંકો રે વાજતો, જેહેના શબ્દ ગગનમાં જાય ॥ વ૦॥
જરી નીશાન જોડેરે ઝળકતાં, જોડે અંબદાગરી સોહાય ॥ વ૦ ॥ ૧
રૂડા અશ્વ અનુપમ નાચતા, તે પર રત્ન જડીત પલાણ ॥ વ૦ ॥
મણી જડીત મનોહર મોહોરડા, જાણે નભમાં તે ઝળકે ભાણ ॥ વ૦ ॥ ૨
કછીકુમેદવરણાને કાબુલી, પાણી પંથા તણો નહીં પાર ॥ વ૦ ॥
સાજ સોનેરી સઉપર શોભતાં, ઉપર વાંકડા લેહેર સવાર ॥ વ૦ ॥ ૩
આ સુબા પુનાદરા માંડવા, ત્યાંની અસ્વારી છે બેશ ॥ વ૦ ॥
બેઠા અસવાર અનુપમ ફાંકડા, પેહેર્યા સરસ શોભીતા ડ્રેસ ॥ વ૦॥ ૪
શાંબેલાની શોભા તો હું શું કહું, દીસે સરખા સરખી જોડ ॥ વ૦ ॥
ધર્યા પોશાગ અંગે રે નવનવા, જેમાં નહીં ખાંપણ કે ખોડ ॥ વ૦॥ ૫
થાએ વાજીંત્ર નાદ સોહામણા, હરખી નીરખી ગુણીજન ગાય ॥ વ૦॥
વળી વાજીંત્ર વીલાયતી વાજતાં, સુણી આનંદ ઉર ન સમાય ॥ વ૦॥ ૬
મેના પાલખી ડેલણ ગાડીયો, તેમાં બેઠાં નાહાનેરાં બાળ ॥ વ૦ ॥

વસ્ત્ર ભરગચ્ચીનાં સોહાવીયાં, જડીત મણી ઝળકે માળ ॥ વ૦ ॥ ૭
તાવદાંન લેઇ ભોઇ દોડતા, શીર છત્ર ધરંતા જાય ॥ વ૦ ॥
ઇંદ્રધ્વજ બાઇએ નવો કરાવીયો, ભલી નીશાનની શોભાય ॥ વ૦ ॥ ૮
પાર્ટી પોલીસની માંહી ચાલતી, ધરી હાથ વીશે હથીયાર ॥ વ૦ ॥
બેનાળી તો બહુ કોરે છુટતી, ઝળકે ખાંડાં ખડગની ધાર ॥ વ૦ ॥ ૯
તેહેની પુઠે ઉભા અધીકારીયો, બળ બુદ્ધિના કરૂં શું વખાણુ ॥ વ૦ ॥
હીંડે હર્ષ મગનમાં રે મલપતા, સરવે ચંચલ ચતુર સુજાણ ॥ વ૦ ॥ ૧૦
મોહોટા ગૃહસ્થ પધાર્યા છે પ્યારથી, ધરી અંગે નવા શણગાર ॥ વ૦ ॥
મધ્યે રથ ચાંદીનો રે ચળકતો, ઊપર સોનેરી અલંકાર ॥ વ૦ ॥ ૧૧
રૂડા રથમાં તો રત્ન જડયા મણી, મઢાયો મન હરખીતચોડ ॥ વ૦ ॥
તેહેનાં શીખર ગોળાકાર છે, ઉપર મધુરા બોલે છે મોર ॥ વ૦ ॥ ૧૨
આજુબાજુએ કળશ સોના તણા, છત્ર વટીમાં મઢી છે ખાપ ॥ વ૦ ॥
શણગાર્યા વ્રશભ બહુ વેગથી, અંગે દાગીના ધરીયા અમાપ ॥ વ૦ ॥ ૧૩
રથમાંહી સીંહાસન જડાવનું, બેઠા મધ્યે પ્રભુમહારાજ ॥ વ૦ ॥
મણી જડીત મુગુટ સીર પર ધર્યો, શાંતિનાથ સદા સુખસાજ ॥ વ૦ ॥ ૧૪
હાસ્ય વદન પ્રભુનું હર્ષે ભર્યું, અણીયાળાં લોચન રસકુપ ॥ વ૦ ॥
ભાળે ભ્રગુટી કમાન સરીખડી, દીસે રૂપના ભુપ અનુપ ॥ વ૦ ॥ ૧૫
દીપક જોત સરખી રે નાશીક, ઓપે અધર પ્રવાળીનો રંગ ॥ વ૦ ॥
તે પર રંગ તંબોળનો ચોસરો, નેત્રે નીરખતાં થાય ઉમંગ ॥ વ૦ ॥ ૧૬
હાર હીમના હૈએરે સોભતા, કંઠે મુકતાફળની માળ ॥ વ૦ ॥
બાજુબંધને પોંચી જડાવની, હાથે પેહેરી બેઠા છે દયાળ ॥ વ૦ ॥ ૧૭
ધન્ય ધન્ય મરૂદેવી માતને, જેણે જનમ્યા પુત્ર રતન ॥ વ૦ ॥
જસવંતા છો પુત્ર પરાક્રમી, જેહેને જુગમાં જપે સહુ જન ॥ વ૦ ॥ ૧૮
વારી જાઊંરે અયોધ્યાના રાયને, જેહેના તેજ તણો નહીં પાર ॥ વ૦ ॥
જોતાં જગ્ત સરવ મોહી રહયું, રોહો અમર નાભીરાજ કુમાર ॥ વ૦ ॥ ૧૯
શેઠ સામળભાઇ થયા સારથી, હાંકે રથને ગ્રહી કરરાસ. ॥ વ૦ ॥
બેઠા પવિત્રપણે તે આનંદમાં, પ્રેમીજન એ પ્રભુના દાસ ॥ વ૦ ॥ ૨૦

મણીભાઈ સુત શામળ ભાઈના, બેઠા પ્રભુની પુંઠે ગ્રહીહાથ ॥ વ૦ ॥
શું વખાણું તે તેમના ભાગ્યને, જેહેને પ્રસંન પારસનાથ ॥ વ૦ ॥ ૨૧
જોડે ચુનીલાલ ચતુર છે, સુત છગનભાઈના એહ ॥ વ૦ ॥
બેઠા તેપણ તેમની સંગમાં, શોભે સરખા સરખી જોડ ॥ વ૦ ॥ ૨૨
ચાલે સેવક સરવે સાથમાં, મુખે મંત્રભણંતા જાય ॥ વ૦ ॥
નકી પોકારે નાથની આગળે, જોડે અબદાગરી સોહાય ॥ વ૦ ॥ ૨૩
કોઇ સ્તુતિ કરે કર જોડીને, કોઇ દેતા માં દુધની ધાર ॥ વ૦ ॥
કોઈ ધુપકરી ધરે ધ્યાનમાં, કોઇ પેહેરાવે પુષ્પના હાર ॥ વ૦ ॥ ૨૪
કોઇ ચંદન ચરચે છે અંગમાં, કોઇ વધાવે ભરી મોતી થાળ ॥ વ૦ ॥
પ્રેમે પુરણાનંદ પધારીયા, ધન્ય મરૂદેવીના બાળ ॥ વ૦ ॥ ૨૫
પુંઠે પાલખીપણ ચાંદીતણી, તેહેમાં પ્રતિમા રૂપ ભગવાન ॥ વ૦ ॥
નીરખે નગ્રનીવાશીરે નાથને, થઇ સનમુખ ધરતા ધ્યાન ॥ વ૦ ॥ ૨૬
પાછળ વીનતા વૃંદ ટોળેમળ્યા, ધરી મનમાં અતી ઉમંગ ॥ વ૦ ॥
પેહેર્યા અંબર કસબી કોરનાં, જેમાં ભાસે છે ગોરાં અંગ ॥ વ૦ ॥ ૨૭
જાણે દેખતી ઇંદ્રની અપ્સરા, જેહેના રૂપથી વળીયો છેક ॥ વ૦ ॥
ભુમે ભવતારક વીધી વીશ્વનો, એહેવી શ્રષ્ટીમાં સરજીને એક ॥ વ૦ ॥ ૨૮
જેહેવી ઝબકે છે ગગનમાં વીજળી, એવા ઝળકી રહ્યા શણગાર ॥ વ૦ ॥
વદે કોકીલનાદ સોહામણા, ગાએ ગીત મધુરા અપાર ॥ વ૦ ॥ ૨૯
કોના શીર પર પ્રભુનું રે પારણું, કો શીર કળશ તણી છે હાર ॥ વ૦ ॥
કોને મસ્તકે વ્રશભ ને સીંહ છે, કોઇ ચંદ્ર સુરજ લેતી નાર ॥ વ૦ ॥ ૩૦
સરખા સરખી સોભે સાહેલીયો, શું વખાણું તે તેમનાં રૂપ ॥ વ૦ ॥
ચાલે લટક મટક એ રૂપાલીયો, નર જોતાં બને તદરૂપ ॥ વ૦ ॥ ૩૧
પુંઠે શોભીતી સુંદર ગાડીયો, શણગારી છે બેલની જોડ ॥ વ૦ ॥
જેને સોના રૂપાનાં છે શીંગડાં, અણીદાર છે તેહેનો ઓડ ॥ વ૦ ॥ ૩૨
ચાલી ચઉટાની મધ્યે રે આવીયા, ત્યાં તો ભારે ભરાયા લોક ॥ વ૦ ॥
જોવા તલપુર માગ જડે નહીં, નર નારી મળ્યાં છે અથોક ॥ વ૦ ॥ ૩૩
તે સમાની શોભા તે હું શી કહું, અકળીત લીલા ન કળાય ॥ વ૦ ॥

જોવા પ્રભુને ઉભા છે રે પ્રીતથી, પુરપોળે તે ભીડ ન માયે ॥ વ૦ ॥ ૩૪
એમ સુખડાં સહુને રે આપતા, નાથ નીકળ્યા નગ્રની બાહાર ॥ વ૦ ॥
મીઠે દરવાજે વ્યાસની વાડીએ, જ્યાં સુંદર કુપ છે સાર ॥ વ૦ ॥ ૩૫
શ્રીપુજ્ય ગુણ રત્ન સુરીશજી, કરાવી વીધી અપરમપાર ॥ વ૦ ॥
કુંભ કુપના જળથી ભરાવીયા, માંહી વણારસીનું વાર ॥ વ૦ ॥ ૩૬
કોહારી સહુને સીર ચડાવતા, ભરેલા કુંભ તેણે ઠાર ॥ વ૦ ॥
એકેક લેઇ ધર્યા છે શીરપરે, દીસે નાજુગ સઘળી નાર ॥ વ૦ ॥ ૩૭
હીંડે હંસગતી સહુ સાથમાં, ગાએ ગોરી મધુરાં ગીત ॥ વ૦ ॥
કોઇ રામણ દીવો લેઇ હાથમાં, કો સીરધારણાં લે કરી પ્રીત ॥ વ૦ ॥ ૩૮
પ્રેમી જન પાછાં પુરમાં પધારીયાં, સહી ને હૈએ હરખ ન માય ॥ વ૦ ॥
ભાવે ભકતી કરે જીનવરતણી, તેહેનું જીવ્યું સફળ ગણાય ॥ વ૦ ॥ ૩૯
એમ વરઘોડો બહુ વાહાલથી, લાવી ઉતાર્યો જીન દરબાર ॥ વ૦ ॥
કુભ નીરમળ જળના જે હતા, તે ઉતારી કરે જયકાર ॥ વ૦ ॥ ૪૦
ધન્ય ધન્ય એ અમૃતબાઇને, કર્યું અમર આ જુગમાં નામ ॥ વ૦ ॥
ધન્ય ડાહાપણ એ ચતુરાઇને, ખરચ્યું અગણિત જેમાં દામ ॥ વ૦ ॥ ૪૧
આવે દેશ વીદેશના જન સહુ, જોવા જીન મહોત્સવ આંહે ॥ વ૦ ॥
મન ગમતા મુકામજ આપતા, આગતા સ્વાગતા કરે ત્યાંહે ॥ વ૦ ॥ ૪૨
શેઠાણી માણેકબાઇ જેહ ત્યાં, તેહેણે બાંધ્યું ધરમનું ધામ ॥ વ૦ ॥
ધર્મશાળાએ રૂડી રસોઇ થતી, જમે સંઘના લોક તમામ ॥ વ૦ ॥ ૪૩
વળી ગામના શ્રાવક જેટલા, ભોજન સમએ મચે ધમશાણ ॥ વ૦ ॥
નરનારી બાળક ને વૃદ્ધ સહુ, જમે દીનમાં બે વાર પ્રમાણ ॥ વ૦ ॥ ૪૪
અતી આનંદસાગર ઉછળ્યો, થાય નગ્રમાં જયજયકાર ॥ વ૦ ॥
દીન સાતમે કુંભની સ્થાપના, ભુરો જોશી કેહે કરી વીસ્તાર ॥ વ૦ ॥ ૪૫

## ઢાળ ॥ ૯ ॥

આવો આવો જસોદાના કાહાન, અમ ઘેર રમવા રે. ॥ એ દેશી ॥

સારૂં સારૂં કપડવંજ શેહેર, શોભા સારી રે,
મળ્યાં જૈન ધરમી નરનાર, જાઊં બલીહારી રે ॥ સારૂં. ॥ ૧

જોને જીનમહોત્સવ જન છે સુખકારી રે,
સુરતના જે સ્વરૂપચંદ, કહે છે કોઠારી રે ।। સારૂં. ।। ૨
સુદ સાતમ ને સોમવાર, કરીને વીધી રે,
કુંભ સ્થાપના આનંદ ભેર, તે દીન કીધી રે ।। સારૂં. ।। ૩
સ્થાપ્યા ગ્રહ અને દીગપાળ, કરી આવાહન રે,
કર્યું પુજન આણી પ્રીત, જીવત ધન્ય રે ।। સારૂં. ।। ૪
ઢાળ્યા બાજઠ મંડપ માંહે, હારોહારે રે,
તે પર બેસે સનાતીયા તેર, જોને તે ઠારે રે ।। સારૂં. ।। ૫
ગાંધી લેબાભાઇ ગુલાબચંદ, મગનલાલ રે,
પર ઊપકારી પ્રેમચંદ ભાઇના એ બાળ રે ।। સારૂં. ।। ૬
નાહાલચંદ ભુરાભાઇ નામ, ગીરધર મનસુખ રે,
તારાચંદ સુત છગનલાલ, બેઠા સનમુખ રે ।। સારૂં. ।। ૭
છે મંગળનાથજી જેહ, છગન મનસુખ રે,
સંકરલાલ વીરચંદભાઇ, બેઠા ખોવા દુખ રે ।। સારૂં. ।। ૮
માહાસુખ પ્રેમચંદભાઇ, છગન શીવલાલ રે,
ભાઇ ગીરધર હરજીવન, નીરખી થાએ ન્યાહાલ રે ।। સારૂં. ।। ૯
ચુનીલાલભાઈ હરજીવન, રામચંદ ભાઇ રે,
જુઓ હરજીવનના સુત, છે સુખદાઇ રે ।। સારૂં. ।। ૧૦
મનસુખ સુત છગનલાલ, બેઠા ઊલાસે રે,
બેઠા તેરમા ત્યાં રણછોડ, લક્ષ્મીદાસે રે ।। સારૂં. ।। ૧૧
ધરી આનંદ અંગે અપાર, દેવતુતરીયા રે,
બળીદાન ને નૈવેદ જેહ, તે તૈયાર કરીયાં રે ।। સારૂં. ।। ૧૨
આખી રાત ભણે મુખ મંત્રવીધી કરતા રે,
દેવ સનમુખ જોડી હાથ, સ્તુતી ઉચરતા રે ।। સારૂં. ।। ૧૩
આપે બાકળાનું બળીદાન, તેનીજ હાથે રે,
અપાવે કોઠારી આપ, શાસ્ત્રીની સાથે રે ।। સારૂં. ।। ૧૪
પછી કરાવ્યું પુજન, ધ્વજાનું તે ઠામે રે,
ભવી ભકતી કરે ભરપુર, પ્રભુ પદ પામે રે ।। સારૂં. ।। ૧૫

## દોહરો.

શાસ્ત્ર પ્રમાણે વિધિ કરી, ચાર દિવસ ને રાત;
પાંચમે દિન એકાદશિ, બેસે પ્રભુ પ્રખ્યાત. ૧

## ઢાળ ॥ ૧૦ ॥

વારી જાઊં રે મોહનલાલ તારા મુખડાએ. ॥ એ દેશી ॥

જાઊં જીન મુખ જોવા કાજ, આજ મારે દીવાળી ॥
ગુણ સાગર ગરીબ નીવાજ, આજ મારે દીવાળી ॥ ટેક ॥
સુત્ર મુહુરત એકાદશી દીને, ભલો દીસે ભ્રગુવાર રે
પ્રાતઃકાળે પ્રભુજી બીરાજે, શોભા અપરમપાર ॥ આજ૦ ॥ ૧
વીધ વીધના પોશાગજ પેહેર્યા, સુંદર નર ને નાર રે
શોભીલા શ્રાવક જન આદે, મળીયાં છે તે ઠાર ॥ આજ૦ ॥ ૨
ગણતાં પાર ન આવે જોતાં, ઝાઝા લોક અથોકરે
ભારે ભીડ દીસે તે ઠામે, આનંદી સઊ લોક ॥ આજ૦ ॥ ૩
પુષ્પાક્ષત કરમાં લઇ લલના, લટકાં કરતી લેહેરીરે
પ્રેમ સહીત પરમેશ્વર જોવા, આંખ રાખતી ઘેરી ॥ આજ૦ ॥ ૪
ગણક ત્યાં ઘડી સાધવા બેઠા, ગુણીઅલ જોતીશ જાણરે
આઠ કલાકને ત્રીશ મીનીટે; બેસે પ્રભુ પરમાણ ॥ આજ૦ ॥ ૫
વીધીવાળા વીધી કરતા, મંત્ર ભણતા મુખરે
પાપ તાપ સંતાપ ટળેને, પામે ભવમાં સુખ ॥ આજ૦ ॥ ૬
શાંતિનાથના દેરાસરમાં, સામૈયું લેઇ જાય રે
વાજાં ત્યાં વિધવિધનાં વાજે, આનંદ ઊર ન સમાય ॥ આજ૦॥ ૭
પ્રેમી જન પ્રભુને લેઇ ચાલ્યા, ચંચલ ચતુર સુજાણ રે
તેહ સમાની શોભા કહેતાં, પોચે નહીં મનવાણ ॥ આજ૦ ॥ ૮
મંત્ર ભણે મુખમાંથી કો જન, ધરતા ધુપ ધરી પ્યારરે
ગાન તાન વાજીંત્ર અતીશે, શોભા જો દીલદાર ॥ આજ૦ ॥ ૯
ખમા ખમા છડીદાર પોકારે, ચમર ઢળે ચોપાસ રે
માનુનીયો ત્યાં મંગળ ગાતી, કરતી મુખથી હાસ ॥ આજ૦ ॥ ૧૦

ભોજક ભાવ ધરીને ગાતા, રાગ તાળ સુર સાથરે
પાવલીયો ને પઈસા ઊછળે, તે લેઇ લેતા હાથ ॥ આજ૦ ॥ ૧૧
સોહોર ઘણો વાજીંત્ર તણો ત્યાં, વાજાં વીધવીધ વાજેરે
મનહર મીઠાં તાન સુણાવે, આનંદ પ્રગટયો આજે ॥ આજ૦ ॥ ૧૨
શોભા સરસ બની તેવારે, કહેતા નાવે પારરે
નગ્ર ચોડામાં ફરીને આવ્યા, દેરાસર દરબાર ॥ આજ૦ ॥ ૧૩
લાલચંદ સુત વીમળ વીવેકી, ભરૂચના વસનારરે
તેહ તણી રામા હરકોરે, પ્રથમ પોંખ્યા તે ઠાર ॥ આજ૦ ॥ ૧૪
તેહ પછી તરીયા સઊ પોંખે, હર્ષ ધરીને અપારરે
એક એક પછી એકજ પોંખે, કરતાં જય જયકાર ॥ આજ૦ ॥ ૧૫
એ પ્રમાણે પોંખી લીધા, મંડપમાં માહારાજ રે
મંગળ ગાન કરે સઉ લલના, મળીયો સરવ સમાજ ॥ આજ૦ ॥ ૧૬
ગુણરત્ન સુરેશ્વર સ્વામી, ઉભા છે તે ઠામ રે
મંત્ર ઉચ્ચાર કરે મુખથી તે, હૈએ રાખી હામ ॥ આજ૦ ॥ ૧૭
અમૃતભાઇને આનંદ અદકો, પ્રભુ ઉપર બહુ પ્રીત રે
પ્રેમી જન પ્રભુને પધરાવા, ઉભાં કુટંબ સહીત ॥ આજ૦ ॥ ૧૮
શામળભાઇ બહુ સ્નેહ કરીને, ઉભા દેહેરા માંહ્ય રે
પાસ પોતાના કુંવર મણીભાઇ, બીરાજે છે ત્યાંય ॥ આજ૦ ॥ ૧૯
અવલ કારકુન નારણભાઈ ને, વકીલ મગનલાલ રે
વિદ્યામાં વિદ્વાન વિવેકી, જયચંદભાઇના બાળ ॥ આજ૦ ॥ ૨૦
તે પણ દેરાસરમાં ઉભા, જોવા જીન લીલાય રે
અકળ ગતી અંતર જામી, કોથી કળી ન શકાય ॥ આજ૦ ॥ ૨૧
બુદ્ધિશાળી જોયા ન્યાળી, મનહર મગનભાઈ રે
કાળીદાસ તણા સુત જેમાં, ઝાઝી છે ચતુરાઇ ॥ આજ૦ ॥ ૨૨
દોલત ગાંધી મગનલાલ ને, છગનલાલ સુખદાઇ રે
ધીરવંત ધરમાત્મા ત્રણે, અમૃતભાઇના ભાઈ ॥ આજ૦ ॥ ૨૩
રૂક્ષમણી જમના બેહેન તેમનાં, ઉભાં છે તે પાસ રે

ગીત મધુરાં વદે વદનથી, પુરે પ્રભુજી આશ ॥ આજ૦ ॥ ૨૪
નરનારીની ભીડ અતીશે, ન મળે તલપુર માગ રે
ભોજક ભાવ ધરીને ગાવે, વખત વખતના રાગ ॥ આજ૦ ॥ ૨૫
પુષ્પાક્ષત અબળા લેઇ ઉભી, વધાવા જીનરાય રે
મહોત્સવ જોવાને નભમાં, મળીયો સુર સમુદાય ॥ આજ૦ ॥ ૨૬
સહીત અંગના વીમાન મધે, બેઠા દેવ અનેક રે
વાટ જુએ છે પરમેશ્વરપર, ક્યારે થાય ભીશેક ॥ આજ૦ ॥ ૨૭
પ્રાતઃકાળે સાડા આઠનો, વખત થયો જેવાર રે
મીથુનલગનમાં અમૃતબાઇ, પધરાવ્યા તે ઠાર ॥ આજ૦ ॥ ૨૮
પૂર્વાભીમુખ રૂષભદેવજી, માહાવીરસ્વામી જોડ રે
ત્રીગુણાત્મક ત્રિભુવનપતિ જોતાં, પોચે મનના કોડ ॥ આજ૦ ॥ ૨૯
અજીતનાથ સંભવનાથ ને, અભીનંદન ભગવાન રે
સુમતીનાથ દીસે દક્ષિણ મુખ, ધરીએ નીત્ય નીત્ય ધ્યાન ॥આજ૦॥૩૦
પશ્ચિમ મુખે પ્રભુ બીરાજ્યા, કહું છું તેમનાં નામ રે
પદ્મપ્રભુ સુપાર્શ્વનાથ ને, ચંદ્રપ્રભુ નીશકામ ॥ આજ૦ ॥ ૩૧
સુવીધીનાથ ને શીતળનાથજી, શ્રીશ્રીયાંષ ગુણગાથ રે
વાસુપુજ્યજી પુજો પ્રીતે, વિશેષે વીમળનાથ ॥ આજ૦ ॥ ૩૨
ઊત્તરે અનંત ધર્મ ને શાંતિ, કુંથુંનાથ અરનાથ રે
મલ્લીનાથજી સુવર્તસ્વામી, નેમીનાથજી સાથ ॥ આજ૦ ॥ ૩૩
નજરે નીરખ્યા નેમનાથજી, ગુણસાગર ગંભીરરે
પ્રેમે પ્રભુ શ્રીપાર્શ્વનાથજી, જપો ધરી મન ધીર ॥ આજ૦ ॥ ૩૪
સાહામે દેરે પુંડરીકના, સનમુખ રહું સીર નામી રે
તૃષ્ણા રહિત તપસ્વી જોડે, બેઠા ગૌતમ સ્વામી ॥ આજ૦ ॥ ૩૫
ભોંયરામાં ભગવંત બીરાજ્યા, જુગમંદીર માહારાજ રે
તે પણ તેજ લગન ઘડીકાએ, બેસાડયા છે આજ ॥ આજ૦ ॥ ૩૬
અમૃતબાઇનાં બેહેન રૂક્ષ્મણી, ભાવ ભલેરો લાવી રે
શાંતિનાથ પ્રભુની પ્રતિમા તે, પ્રેમકરી પધરાવી ॥ આજ૦ ॥ ૩૭

છગનભાઇએ રૂષભ દેવજી, ચંદ્રપ્રભુ ભુરાભાઈ રે
માહાવીરસ્વામીની પ્રતિમા તે, પધરાવી મંછાબાઇ ॥ આજ૦ ॥ ૩૮
ચાર જણાએ જુદી જુદી, જીન પ્રતિમા એસાડી રે
પ્રેમ સહીત તે પુજો પ્રીતે, ભવભય દુખડાં હારી ॥ આજ૦ ॥ ૩૯
એ પ્રમાણે સરવે પ્રતિમા, સુભ ઘટીએ પધરાવી રે
કેવળભાઇ સુત કુંવર પ્રેમચંદે, સીખરે ધજા ચડાવી ॥ આજ૦ ॥૪૦
વામ ભાગે પ્રભુ પાદુકા, ધરી કર્યું પુજન રે
જસવંતા જીનપતી સઉ નીરખે, તેજ દીવસને ધન્ય ॥ આજ૦ ॥૪૧
જય જય શબ્દ કરે જન મળીને, પુષ્પાક્ષતથી વધાવે રે
અમર રહી આકાશ વીશેથી, પ્રેમે પુષ્પ વરસાવે ॥ આજ૦ ॥ ૪૨
દેવ દુંદુભી વાજે નભમાં, થઇ રહયો થેઇથેઇકાર રે
વાજાં ત્યાં વીધ વીધના વાજે, જોને જીન દરબાર ॥ આજ૦ ॥ ૪૩
પ્રથમ પ્રભુને સ્નાન કરાવ્યું, પંચામૃત તે વાર રે
શુદ્ધોદક ગંગાના લાવી, નવરાવ્યા નીરધાર ॥ આજ૦ ॥ ૪૪
મંગળ સ્નાન કરાવી પ્રભુને, સરસ ધર્યા શણુગાર રે
પ્રભુ લીલાનું વર્ણન કરતાં, પામે નહીં કો પાર ॥ આજ૦ ॥ ૪૫
પછી નવાંગી પુજા કરીને, કનક મોહોર ધરી ત્યાંય રે
સંખ્યા તેર તણી છે તેહેની, સમજી લ્યો મનમાંહ્ય ॥આજ૦॥ ૪૬
મુસ્તકે મુગટ મનોહર ધરીયો, કાને કુંડળ લલકે રે
રત્નજડીત તીલક લેલાટે, ચંદ્ર સમાન તે ચળકે ॥ આજ૦ ॥ ૪૭
દીપક જોત સરીખી નાશા, શોભીત સુંદીર વેશ રે
ભાળ તીલક કેસરનાં કીધાં, ભમર ભ્રગુટી બેશ ॥ આજ૦ ॥ ૪૮
કમળ વદન કરૂણાનીધી કેરાં, અણીયાળાં લોચન રે
અરૂણ બીંબ શા અધર પ્રભુના, નીરખે જન નીશદીન ॥ આજ૦ ॥૪૯
આંગી અનુપમ અંગે ધરીને, બાંધે મઢીયા મોર રે
સોનેરી શ્રીફળ છે કરમાં, છબી બની ચીત ચોડ ॥ આજ૦ ॥૫૦
પદમાસને પ્રભુ બીરાજ્યા, તેજ તણો નહીં પાર રે
પંચ તરેહની પુષ્પજ પુજા, અક્ષત આદે સાર ॥ આજ૦ ॥ ૫૧

પછી નાથને નવેદ ધરીયાં, મીઠાઇ ને વળી મેવારે
આરોગે છે અલબેલાજી, જો દેવાધીદેવા ॥ આજ૦ ॥ ૫૨
આરતી ઊતારે અમૃતબાઇ, હૈએ હરખ ન માયરે
વીનતા વ્રંદ મળી તે ઠામે, ગીત મધુરાં ગાય ॥ આજ૦ ॥ ૫૩
ઘંટ નાદ ઘડીયાળ ગરજતી, ઘોર શબ્દ ઘન ગાજે રે
એ શોભા તો નજરે નીરખી, જન ભુરે જો આજે ॥ આજ૦ ॥ ૫૪
શીવના કરીને શ્રીફળ સાથે, વસુ ધર્યા તે વારરે
નમન કરી અમૃતબાઇ પોતે, આવ્યાં છે નીજ દ્વાર ॥ આજ૦ ॥ ૫૫

ઢાળ ॥ ૧૧ ॥

માતુ પાવાની પટરાણી કે કાળી કાળીકા રે લોલ. ॥ એ દેશી ॥
સુણજ્યો સ્વામીવત્સલ સાર, કે યાર તમે સહુરે લોલ ॥
જમશે ભોજન સંઘ સમસ્ત, તે વીસ્તારી કહું રે લોલ ॥ ૧
નાહાલચંદભાઈ નથુભાઇ નામે ફર્યા નોતરા તહીંરે લોલ ॥
નાતની આદે શંઘ સુજાણ પ્રમાણ કીધાં સહીરે લોલ ॥ ૨
ધરમશળા ભાગોળે જાણ, કે માણકબાઈ તણીરે લોલ ॥
કરીયાં ધર્મ તણા બહુ કામ, રામા લલુભાઈ તણીરે લોલ ॥ ૩
ઊતમ પાક બને તે ઠામ, કે દામ વાવરે ઘણારે લોલ ॥
અમૃત કરતાં અદકો સ્વાદ, જમે ત્સાં બહુ જણારે લોલ ॥ ૪
તેના ઊપરીપણામાં જેહ કે, તેહને ગાઊં છું રે લોલ ॥
ભુરાભાઇ ને શામળ અમીચંદ, કે ચીતમાં ચાઊંછું રે લોલ ॥ ૫
માજી પ્રધાનના એ પુત્ર, કે શામળભાઇ છે રે લોલ ॥
પિતાએ પુર્યા સ્વર્ગમાં વાસ, કે સુખમાં સમાઇનેરે લોલ ॥ ૬
તારાચંદ ને મથુરાદાસ તે, કામ કરે ઘણારે લોલ ॥
ચુનીલાલ અમીચંદ ચતુર સુજાણ મેહેનતમાં નહીં મણારે લોલ ॥ ૭
બેહેચર સુત દલસુખની આદે, ઘણા જન છે તહીંરે લોલ ॥
સત્તા સ્વતંત્ર બેને હાથ, શામળ ને ભુરાભાઇરે લોલ ॥ ૮
બાબશી ખાંડ તણી ત્યાં થાય, મોતી ચુર લાડવારે લોલ ॥

આરોળી પસ્તાં દ્રાક્ષ બદામ, તે જુગતે જમાડવારે લોલ ॥ ૯
ચુરમું કીધું ચતુર સુજાણ, પ્રમાણ કરે સહુરે લોલ ॥
સુંદીર શાક કરે તઇયાર, તે સ્વાદીલાં બહુરે લોલ ॥ ૧૦
કુર કમોદ તણો ત્યાં થાય કે દાળ તુવેરનીરે લોલ ॥
નાખે ગરમ મશાલા માંહે, તે સ્વાદીલી ઘણીરે લોલ ॥ ૧૧
સંઘની આદે જમે સઊજન, કે નીમા નાતનારે લોલ ॥
બીજા પરચુરણ બહુ લોક, જમે જુદી જાતનારે લોલ ॥ ૧૨
જમશે એકાદશીથી દીન આઠ, કે સાંજ સવારમાંરે લોલ ॥
નવમે શામળભાઇ નીરધાર, જમાડશે પ્યારમાંરે લોલ ॥ ૧૩
પછીથી ગામના શ્રાવકજન, જમાડશે સંઘનેરે લોલ ॥
ભોજન કરશે નર ને નાર, ધરી ઊમંગનેરે લોલ ॥ ૧૪
જમીયા એકાદશી નેદીન, કે સુંદીર લાબશીરે લોલ ॥
ભવીયન ભક્તી કરે ભરપુર, ભલી હૃદયે વશીરે લોલ ॥ ૧૫
રોશની કીધી અપરમપાર, કે રજનીરંગમાંરે લોલ ॥
વાજે છત્રીશ વાજાં ત્યાંહે, ઓછવ ઊમંગમાંરે લોલ ॥ ૧૬
શોભે અજવાળી અલબેલી, કે સુંદીર જામનીરે લોલ ॥
ભારે પેહેરીને પોશાગ કે ગાતીભામીનીરે લોલ ॥ ૧૭
હરખી નીરખી ને ગુણગાય કે જો જીનવર તણારે લોલ ॥
ભાવના કરતાં જોડી હાથ, કે જન ઊભા ઘણારે લોલ ॥ ૧૮
પધાર્યા ડીપોટી દસ્તુર સાહેબ, સુખીયા બહુરે લોલ
કરીયો બંદોબસ્ત બહુ બેશ, વીશેશે સું કહુંરે લોલ ॥ ૧૯
પાર્ટી પોલીસની એક આપી, તે રક્ષણ કારણેરે લોલ ॥
પોતે કીધો છેજ મુકામ, કે નગ્રની બારણેરે લોલ ॥ ૨૦
ફરે છે ફોજદાર નીશદીન, ચતુર ચોકી કરેરે લોલ ॥
નીરખે રેહેતાં સઊ નરનાર, દેખી દીલડાં ઠરેરે લોલ ॥ ૨૧
ગ્યાસુદીન દીસે ગુણવંત, દયા દીલમાં ભરીરે લોલ ॥
પરઊપકારી, પરદુખ જાણ, ક્ષમા સુંદરી વરીરે લોલ ॥ ૨૨
બીરાજ્યા બેઠકમાં સાહેબ, કે હર્ષ હૈએ ધરીરે લોલ ॥

શોભા થઇ છે અપરમપાર, ખુબી તો ખુબ કરીરે લોલ ॥ ૨૩
ખાનબાહાદુર ફીરોજશાહ, ઊલટ ધરી અંગમાંરે લોલ ॥
બેઠા ખુરસી પર સીરદાર, બીજા બહુ સંગમાંરે લોલ ॥ ૨૪
અવલકારકુન નારણભાઇ, જોડે ફોજદારછે રેલોલ ॥
મગનભાઇ વકીલ આદયે ત્યાંહે, ઘણા સાહુકાર છે રેલોલ ॥ ૨૫ ॥
બેઠા વામને દક્ષિણ પાસ, સાહેબની સંગમાંરેલોલ ॥
ગવૈયા ગુણીજન કરતા ગાન, કે તાન તરંગમાંરે લોલ ॥ ૨૬ ॥
વાજે સારંગી ને સીતાર, કે તબલાં તાનમાંરે લોલ ॥
ગાએ રાગ તાળ સુર સાથ, તે રીઝવે માનમાંરેલોલ ॥ ૨૭ ॥

### ગઝલ.

### દસ્તુર સાહેબના માન વિષે.

ધરસે યાંહા કોન ખુદા કે લીએ લાયા મુજકું ॥ એ રાગ ॥

હરદમ યાદ ફીરોશાકું કરો આર તુમ
કરોગે મન્મે જ્યો બીચાર બેડાયા તુમ. ૧
અદલ ઇન્સાફ જીન્કી પાસ રહેયાર તુમ
દીન દયાલ હે દસ્તુર પરવર્દિગાર તુમ. ૨
બડે ભુપન કે ભુપ હો સીરદાર તુમ
બીના આપ મેને દેખે ન્હીંદીલદાર તુમ. ૩
મન્મોહ છબી જ્યાકી દેખો યાર તુમ
મીઠે મધુરે મુખ્સે બેંન જ્યો ઉચાર તુમ. ૪
કલેકટર કે હોદે આપ હો હુશીયાર તુમ
રોહો આબાદ એશી દાદ મેરીયાર તુમ. ૫

### મનહર છંદ.

પછી પાન સોપારીને, અતર ગુલાબ જળ
છાંટયું અંગમાંહી ચાલી, સુગંધ અપાર ત્યાં.
ફુલ તણા હાર હૈયે, પેરાવ્યા પ્રમોદ કરી
નથી કંઇ કચાસમાંહી, હુશેન હોંશિયાર ત્યાં

"ગુડ મારનીંગ" કરી, સૈયદની સાથ પોતે
હાથે હાથ મીલાવીને, ચાલ્યાં દીલદારત્યાં
કુરાન છડી ગ્રહીને, હાથમાં રીશોજસ્હા
જાય છે મુકામ ભણી, ઘોડે સવારત્યાં.

દોહરો.

આનંદ અદકો સર્વને, ઓચ્છવ અનુપમ થાય;
ઝગમગ દીવા જોત ત્યાં, માનુનિ મંગળ ગાય. ૧
રજની વીતી રંગમાં, થયો છે પ્રાતઃકાળ
વરઘોડો વિધિએ ચડયો, ઊમરું આણી વ્હાલ. ૨

ઢાળ ॥ ૧૨ ॥

ઓ ભવ પ્રાણીરે સેવો. ॥ એ દેશી ॥

શોભા થઇ છે રે સારી, ચડીયો વરઘોડો બહુ ભારી ॥ શો૦ ॥ ૧
છઠયોતરી સ્નાત્રને રે કાજે, જળ લેવાને જાતાં આજે ॥ શો૦॥ ૨
ડંકો દીસે રે સારો, જોડે નીશાનનો ઝળકારો ॥ શો૦ ૩
અબલખી અનુપમરે ઘોડા, ચાલે બેબે જણુના જોડા ॥ શો૦ ॥ ૪
વાર્યા રેહેનહીંરે વાર્યા, સુંદીર શોભીતા શણગાર્યા ॥ શો૦ ॥ ૫
જુગતી જોવારે જેવી, અસવારી ત્રણેછે તેહેવી ॥ શો૦ ॥ ૬
સાંબેલા બહુ રે શોભે, જોતામાં મનડું ઝટ લોભે ॥ શો૦ ॥ ૭
જોજો નજરે રે ન્યાહાળી, કન્યા કનકલતા રૂપાળી ॥ શો૦ ॥ ૮
બેશ બનીછે રે બાળા, શણગાર શોભીતાછે રૂપાળા ॥ શો૦ ॥ ૯
મેના પાલખી રે મોહોટી, બેઠી બાળાયો બહુ છોટી ॥ શો૦ ॥ ૧૦
ઢોલ દદાંમાંરે વાજે, તેહેના સુર ગગનમાં ગાજે ॥ શો૦ ॥ ૧૧
ઇંદ્રધ્વજા મનોરેહારી, તેહેની શોભા સઊથી ન્યારી ॥ શો૦ ॥ ૧૨
મળીયાં માણુસ રે ઝાઝા, વાજે છે ઇંગ્રેજી વાજાં ॥ શો૦ ॥ ૧૩
પોલીસ પાર્ટીરે ચાલે, બંદુકને સંગીન કર ઝાલે ॥ શો૦ ॥ ૧૪
ભીડ અતીસેરે ભારી, ગૃહસ્થ અને મોહોટા અધીકારી ॥ શો૦ ॥ ૧૫
પોશાગ નવલારે પેહેરી, જે જોતામાં આંખજ ઠેરી ॥ શો૦ ॥ ૧૬

નકી પોકારેરે એશી, ગુણવંતા ઘોડા પર બેસી ॥ શો૦ ॥ ૧૭
રથ રૂપાનો રે કાહવે, દેખંતાં દીલમાં બહુ ભાવે ॥ શો૦ ॥ ૧૮
આગે સેવક રે ઝાઝા, રથમાં બેઠા પ્રભુ મહારાજા ॥ શો૦ ॥ ૧૯
સારથી શામળ રે ભાઇ, પ્રેમચંદ પ્રીતિ ઊર લાઇ ॥ શો૦ ॥ ૨૦
બે જણ બેઠા રે જોડે, કરમીંજન હાંકે રથ કોડે ॥ શો૦ ॥ ૨૧
કુંવર મણીભાઇ રે કહીએ, પ્રભુ પુઠે બેઠા રથ માંહીએ ॥ શો૦ ॥ ૨૨
છગનભાઇ સુતરે સારા, ચુનીલાલ ભાઇ દીસે પ્યારા ॥ શો૦ ॥ ૨૩
તે મણીભાઇનીરે પાસે, બેઠા બંને જણ ઊલાસે ॥ શો૦ ॥ ૨૪
પુઠે પાલખીરે દીસે, જે જોતામાં મનડું હીસે ॥ શો૦ ॥ ૨૫
પ્રભુની પ્રતિમારે સારી, શોભીતી સુંદીર શણગારી ॥ શો૦ ॥ ૨૬
સુખાસને પ્રભુરે શોભે, નાથ નીરખતાં મનડું લોભે ॥ શો૦ ॥ ૨૭
ભરજ્યોબન મદરે માતી, ગોરી ગીત ઘણેરા ગાતી ॥ શો૦ ॥ ૨૮
ચાલી ચઊટેરે આવ્યા, પ્રેમી જનના મનમાં ભાવ્યા ॥ શો૦ ॥ ૨૯
કોમળ પ્રભુનીરે કાયા, જોવા લોક અથોક ભરાયા ॥ શો૦ ॥ ૩૦
લોક પ્રગામીરે કાહાવ્યા, જોવા જીન વરઘોડો આવ્યા ॥ શો૦ ॥ ૩૧
હરખ હૈયામાંરે ભારી, ઝાઝાં મળીયાં છે નર નારી ॥ શો૦ ॥ ૩૨
તાપ તપે છેરે તેહેવો, અંગે છુટે અતી પરસેવો ॥ શો૦ ॥ ૩૩
પાણી પરવો રે બેસાડી, ત્રશીત પીએ જળ શીતળકારી ॥ શો૦ ॥ ૩૪
જળ અરથે સહીરે જાતાં, તાપે વદન થયાં છે રાતાં ॥ શો૦ ॥ ૩૫
નગ્રની બાહેર રે વાડી, લેઇ આવ્યાં ઘોડા ને ગાડી ॥ શો૦ ॥ ૩૬
ગુણ રત્ન સુરીરે કહાવે, તે જળ ઠામે વીધી કરાવે ॥ શો૦ ॥ ૩૭
કુંભ ભરાવ્યારે ત્યાંહે, પાછાં વળીયાં છે પુર માંહે ॥ શો૦ ॥ ૩૮
રચના અલોકીક રે ભારે, લાવી ઉતાર્યો જીન દરબારે ॥ શો૦ ॥ ૩૯
વરત્યો જયજયરે કારે, સંક્ષેપે કરીયો વીસ્તારે ॥ શો૦ ॥ ૪૦
આગળ લીલારે ગઇ છે, માટે અહીયાં અલ્પ કહી છે ॥ શો૦ ॥ ૪૧
પ્રથમ પ્રમાણે રે રસીલા, જુરે ગાઇ બતાવી લીલા ॥ શો૦ ॥ ૪૨

## ઢાળ ॥ ૧૩ ॥

સોહંકર સીદ્ધાચળ સેરી. ॥ એ દેશી ॥

સુણો સઊ સજ્જન સુખકારી, સેવો પ્રભુ ભવ સંકટ હારી.॥સુ૦॥ ટેક.

જળ જુગતે કરીને લાવ્યાં, ભલાં શાંતિ સનાત્ર ભણાવ્યાં
ભવી જનને મનમાં ભાવ્યાં ॥ સુણો૦ ॥ ૧
સદમ કદળીના કીધા સારા, બેસાડયા માંહી પરમેશ્વર પ્યારા
સુશોભિત શ્રષ્ટીના કરનારા ॥ સુણો૦ ॥ ૨
કરાવે છે વીધી કોઠારી, સ્વરૂપચંદ મંત્રને ઉચ્ચારી
જોવાને મળ્યા છે નરનારી ॥ સુણો૦ ॥ ૩
પંચામૃત રત્ન પુરણુ પ્રીતે, કરાવ્યું પ્રભુને રૂડી રીતે
ધરો ધ્યાન પ્રભુનું એકે ચિત્તે ॥ સુણો૦ ॥ ૪
ધર્યા ધુપ દીપ પ્રભુ પાસે, બેઠા સનમુખ થઇને દાસે
ધરાવે છે નૈવેદ ઉલાસે ॥ સુણો૦ ॥ ૫
મોતીચુર લાડુ મુકઓ ભાવે, પેડા બરફી પ્રીતે લાવે
ઘેબર શીરો વેઢમી ધરાવે ॥ સુણો૦ ॥ ૬
ખાજા ને શેવ છે સુંવારી, સુતરફેણી પુરીયો ખારી
પુરી દુધપાક મુકયાં ધારી ॥ સુણો૦ ॥ ૭
રૂડી રોટલી ને સકર પારા, દહીથરાં નવેદમાં ધારાં
કેકુર કમોદના છે ન્યારા ॥ સુણો૦ ॥ ૮
દાડમ દ્રાક્ષ લીંબુ જોડે, કેરી કેળાં નારંગી કોડે
મુક્યા છે મેવા જોડે જોડે ॥ સુણો૦ ॥ ૯
સેરડી જામ બદામ બહુ, સકરટેટી તડબુચ આદે સહુ
નાવે પાર ગણતાં કેટલું કહું ॥ સુણો૦ ॥ ૧૦
નીત્ય નીત્ય મેવા નવા આવે, ટપાલમાં મુંબઇથી મંગાવે
પ્રેમે પ્રભુજીને ધરાવે ॥ સુણો૦ ॥ ૧૧
મુકે પ્રભુ સનમુખ સીર નામી, નથી કોઇ વાત તણી ખામી
આરોગ્યા છે અંતરજામી ॥ સુણો૦ ॥ ૧૨

બળી દાન દેવને ત્યાં આપ્યાં, હૈએ તો હેત ઘણા વ્યાપ્યાં
કષ્ટ સંઘ માત્ર તણા કાપ્યાં ॥ સુણો૦ ॥ ૧૩

## સાખીયો.

લોચન મનનોરે ઝઘડો, લોચન મનનો. ॥ એ દેશી ॥
પ્રેમે ભજો નર નાર, પ્રભુ પ્રસન્નજ થાશે
સમર્થ સરજનહાર, પ્રભુ પ્રસન્નજ થાશે. ॥ ટેક ॥
પ્રતિપદા દીન પ્રીતથી, કરવા દેવ વીદાય
બળબાકળ લેઇ સંગમાં, નીકળ્યાં નરનારી સમુદાય ॥ પ્રભુ૦॥૧
ધુપ ધાર દે દુધની, સુતર તણા છે તાર
શ્રીફળ આદયે ચુંદડી, દે છે દેવદેવી દરબાર ॥ પ્રભુ૦ ॥ ૨
પરકંમા નગરી તણી, કરી દીધાં બળીદાન
વીદાય કીધા દેવને, આપી ઘટીત પ્રમાણે માન ॥ પ્રભુ૦ ॥૩
પછે પધાર્યાં પુરમાં, પ્રેમી જન નરનાર
ચઇતવંદના ત્યાં કરી, ધરી હૈએ હરખ અપાર ॥ પ્રભુ૦॥ ૪
પૂર્ણ કૃપા પરમેશની, શ્રાવક પર બહુ પ્રેમ
શંઘ આદે સર્વત્રને, રાખ્યાં પ્રભુએ કુશળક્ષેમ ॥ પ્રભુ૦॥૫
વિશ્વપતિને વંદીયા, મુકી મનનો ગર્વ
વીદાયગીરી આપી અને, સુખે વીદાય કીધાં સર્વ ॥પ્રભુ૦॥૬
નીત નીત પ્રભુને પ્રણમે, અમૃતબાઇ આપ
પરમેશ્વરને પુજતાં, ટળે ભુતીક ભૌતીક તાપ ॥ પ્રભુ૦ ॥ ૭
અમૃતબાઇએ જગતમાં, અમર કર્યું નિજ નામ
દેરાસરમાં દેખજો, કર્યું એ લક્ષકેરૂં કામ ॥ પ્રભુ૦ ॥ ૮
સુ મારગે ધન વાવર્યું, ધન્ય જનેતા એહ
ઉભય કુળને તારીયાં, પતિ પિતા તણા છે જેહ ॥ પ્રભુ૦ ॥ ૯
છતરી વીશ હજારની, ચાંદીનો ચળકાર
પાલીતાણે મોકલાવી તે, જેહેની શોભા અપરમપાર ॥ પ્રભુ૦ ॥ ૧૦
છતરીના ઘડનાર તે, સુરતી બાઇ શીવલાલ
પીતાંબરના પુત્રનાં, ચીત્ર દેખીને ઊપજે વાહાલ ॥ પ્રભુ૦ ॥ ૧૧

બંકાયા પરદેશમાં, મુંબઇ પુને જાણુ
વીલાયત લગી વીસ્તર્યા, જેહેનું જગ્તમાં ઝાઝું પીછાણુ ॥પ્રભુ૦॥ ૧૨
કેસરે હિંદ વીકટોરીયા, રાજ તણું કરનાર
ચાંદ આપીયો ચાંદીનો, પોટાગ્રાફ પોતાનો તૈયાર ॥ પ્રભુ૦ ॥ ૧૩
શાહાજાદે એક આપીયો, ચાંદ ચતુર નર હાથ
પ્રિન્સ ઓફ એ વેલ્સ તે, પુત્ર રાણી તણા ગુણ ગાય ॥ પ્રભુ૦॥ ૧૪
ત્રીજો ચાંદ સોના તણો, ભરૂચ પ્રદર્શણ મ્હાંય
કારીગરીને જોઇને, આપ્યો બક્ષીસ તેને ત્યાંય ॥ પ્રભુ૦ ॥ ૧૫
સરટીફીકેટ સાહેબનાં, મેળવ્યાં મોહોટા માન
તે નરે એ છતરી કરી, છે ચંચલ ચતુર સુજાણ ॥ પ્રભુ૦ ॥ ૧૬
અથ ઇતિ વરણુન કર્યું, નજરે નીરખ્યું જેહ
ભુલ ચુક હોશે ઘણી, માફ કરશે માહાજન એહ ॥ પ્રભુ૦ ॥ ૧૭
ભકતી કરજો ભાવથી, મુકી મન જંજાલ
પરમારથ પ્રીતે કરો, એમ કહે છે બેહેચરનો બાળ ॥ પ્રભુ૦ ॥ ૧૮
ઓગણી બેતાળીશમાં, જો વૈસાખજ માસ
મહોત્સવ મનહર્ષથી બનાવી ગામ ભુરો વ્યાસ ॥ પ્રભુ૦ ॥ ૧૯
ગાય શિખેને સાંભળે, ધરે પ્રભુનું ધ્યાન
મન વાંછીત ફળ આપશે, થઇ પ્રસન્ન એ ભગવાન ॥ પ્રભુ૦ ॥ ૨૦

## ॥ પુરવી ॥

ગણુપતી દેવાનું ગરીબ નીવારે. ॥ એ દેશી ॥

ધન્યભાગ્યબાઇ કરે નીત્ય પ્રભુ સેવા ॥ ધન્ય૦ ॥ ટેક ॥
પ્રીત સમે ઊઠ પ્રભુનેજ ગાવે, અષ્ટાપદજી દેવા ॥ ધન્ય૦ ॥ ૧
ઉષ્ણોદકથી સ્નાન કરાવે, શણગાર શોભીત તેવા ॥ ધન્ય૦ ॥ ૨
આંગી અનુપમ અંગે સોહાવે, મનોહર મોર છે કેવા ॥ધન્ય૦ ॥ ૩
કેસરી ચંદન કરત લેલાટે, ધરાવે મીઠાઇ મેવા ॥ ધન્ય૦ ॥ ૪
કર જોડી પ્રભુને શીરનામે ભુધર ભક્તીને લેવા ॥ ધન્ય૦ ॥ ૫

## ॥ પ્રભુ પ્રાર્થનામાળા. ॥

પડવાની પડપ્રીત ઘટમાં ઝુલી રે. ॥ એ દેશી ॥

અષ્ટાપદ જીનરાય, અરજ ઉર'ધારો રે
બુડું ભવસાગર માંહે, પાર ઉતારો રે ॥ ૧
આપ વીના નહીં કોઇ, અંતે બેલી રે
મને જાણી પાપી પુર, ન દેશો ઠેલી રે ॥ ૨
મેં કર્યાં ઘણા કુકર્મ, શરમને ત્યાગી રે
તમ દર્શનની માહારાજ, લેહનવ લાગી રે ॥ ૩
કરી એકાગ્રે ચીત, ધ્યાન ન ધરીયું રે
આ જોઈ માયાનો રંગ, દીલ ત્યાં ઠરીયું રે ॥ ૪
ભવભય ભંજન આપ, તાપ શમાવો રે
વિષયાદીક મોહની ઝાળ, માંથી બચાવો રે ॥ ૫
મોહોટાઇમાં મગરૂર, ફોગટ ફુલ્યો રે
ભક્તી માર્ગે ભગવંત, તુજને ભુલ્યો રે ॥ ૬
સ્વપ્નવત સંસાર, જીનવર જાણું રે
તદપી અજ્ઞાની અંધ, થઇને માણુ રે ॥ ૭
લખ ચોરાશી માંહે, ફેરા ફરતાં રે
ગયા કાળ કેટલા વહી, જન્મી મરતાં રે ॥ ૮
તોહ્ય ન માને મુઢ, મનડું માહારૂં રે
રંગ રશીયા તારૂં નામ, નવ ઉચાર્યુ રે ॥ ૯
દોષ કોશ ભંડાર, ભર્યો ભરપુર રે
તે જાણીને જીનરાય, ન કરશો દૂર રે ॥ ૧૦
નરક નીવારણ નાથ, અભયપદ આપો રે
નીજ ચરણનો ભુરો દાસ, સ્થીર કરી સ્થાપો રે ॥ ૧૧

## ગરબી.

જાત્રાજી જાત્રા નવાણું કરીએ રે. ॥ એ દેશી ॥

ભજોને ઋખભદેવ દયાળુ રે સ્વામી માહાવીર પરમ કૃપાળુ ॥ભ૦॥ ટેક.
અજીત સંભવનાથ સોહાગી, અભીનંદન છો બડ ભાગી રે
સુમતીનાથ સું નેહ લાગી ॥ ભજો૦ ॥ ૧
પ્રભુ પદ્મ સુપાર્શ્વનાથ રે, ચંદ્ર પ્રભુ સુવીધીનાથ સાથ રે
શીતળનાથ ગૃહો મુજ હાથ ॥ ભજો૦ ॥ ૨
શ્રીશ્રીયાંસજી છો સુખકારીરે વાસુપુજ્યજી પર જાઉ વારીરે
વીમળનાથ દીશો વીઘ્નહારી ॥ ભજો૦ ॥ ૩
ધર્મ અનંત ને શાંતિ ઊચરીયેરે કુંથું અરનાથનું ધ્યાન ધરીયેરે
ભવી ભવસાગરને તરીયે ॥ ભજો૦ ॥ ૪
મલ્લીનાથને મુનીસુવર્ત સ્વામીરે નેમીનાથ નેમ નીષ કામીરે
પાર્શ્વ નાથ ને રહું સીર નામી ॥ ભજો૦ ॥ ૫
ચોવી તિર્થંકર ચીત મ્હાસેરે અલખેલાજી પુરશે આશરે
પ્રાણી ભવ સીધું તરી જાસે ॥ ભજો૦ ॥ ૬
પ્રભુ હું છું તે પુરણ પાપીરે કરો સાહ્ય તે કલમષ કાપીરે
પરાત્પર પ્રભુ પ્રૌઢ પ્રતાપી ॥ ભજો૦ ॥ ૭
પ્રભુ કરણી ન જોશો મારીરે, દીનદાસ ઉપર દયા ધારીરે
લ્યો ભવાબ્ધીથી ભુરાને તારી ॥ ભજો૦ ॥ ૮

## લાવણી.

ઓ ભગવાન પણી નાદાન નથી ઇંછસાન જન્મ ક્યાંગાળું ॥ એ દેશી ॥

ઓ જીનરાય નમું છું પાય, કરોને સ્હાય, કષ્ટ નીવારો
હું આવ્યો છું ત્હારે શરણુ અતી દુખીયારો ॥ ટેક ॥
સંસાર સુખને જોઈ, રહયો હું મોહી, ભક્તિ ના ભાવે
પણુ અંતે આપ વીણુ કોઇ, કામ નહિ આવે ॥ ૧
આ ભવમાં ભુલોભમું, નાથ ના નમું, તને કર જોડી
મમતા મદેસંત મહંત મૂજાદા તોડી ॥ ૨

ના કરી તમારી સેવ, દેવના દેવ, ટેવ નઠારી
પડીયો વીષયને કુપ ભવોભવ હારી ॥ ૩
મેં જાણ્યો નહીં જગદીશ ખલક આ ખારો ॥ આવ્યો છું૦ ॥ ૧
હું બુદ્ધિહીણ્યુ છું બાળ, પીડે જંજાળ, જુઓ માયાની
કદી લીધું નહીં તમ નામ ચીત ચાહમાની ॥ ૧
સ્વારથમાં સુરો બેશ, પ્રમારથ લેશ, પંડે ના જાણું.
લોભી લંપટ પરપત્નીનાં સુખ માણું ॥ ૨
દેખીતી નર્કની ખાણ, જસની હાણ, જગતમાં ભારી
દરસાય નહીં નીજ દોશ અંધ મતી માહારી ॥ ૩
એ પાપ પ્રજાળો આપ દોશ દુર ધારો ॥ આવ્યો છું૦ ॥ ૨
ફુલફટાક થઇને ફરૂં, વેશ બહુ ધરૂં, નવા નીત્ય અંગે
તજ્યું દીવસ નીશાનું ભાન સુંદરી સંગે ॥ ૧
બોલીને ઝાઝું જુઠ, ન જોયું પુઠ, પાપને કરતાં
પર નિંદા કરતાં પાય ન દીધા ડરતાં ॥ ૨
સંચે કરીયું બહુ ધન, કૃપણતા મન, દાન ના દીધાં
છળભેદ પ્રપંચ કરી પરધન હરી લીધાં ॥ ૩
પણ દીન દયાળુ આપ તાપ નીવારો ॥ આવ્યો છું૦ ॥ ૩
કરૂણાનીધી તું કીરતાર, ગુન્હા છે અપાર, ગણો કદી મ્હારા
તો સુખ સ્વપ્ને ના હોય દુખના આરા ॥ ૧
પણ પતીત પાવન નામ, અચળ તમ ધામ, સુણ્યું છે કરણે
તેમ જાણીને જગતાત આવીયો શરણે ॥ ૨
તું વીના ત્રીભોવનરાય, નથી ઉપાય, અંતે તું બેલી
પુછીને પેઠો દ્વાર ન દેશો ઠેલી ॥ ૩
ભુરાને ભવ સ્રજનાર આશરો તારો ॥ આવ્યો છું૦ ॥ ૪

## આરતી.

સહુથી સમર્થ રાધાવરનો આશરો. ॥ એ દેશી ॥

આ પુસ્તક મેં રચીયું તું બહુ દીનથી
કંઇ કારણસર છપાવતાં થઇ વાર જો
માટે મારો દોશ ન દીલમાં લાવસો
શાણા સમજુ સ્નેહી સૌ સીરદાર જો ॥ આ પુ૦ ॥ ૧
અલ્પ મતિથી આ રચના મેં આદરી
જૈન ધર્મની જાણું નહીં કંઇ વાત જો
જેવી તેવી કાવ્ય કરી ઉમંગથી
વાંચો પૂર્ણ પ્રેમ ધરીને ભાત જો ॥ આ પુ૦ ॥ ૨
પ્રતિષ્ટા મહોત્સવ મહા મોહોટો કર્યો
દેશો દેશના આવ્યા લોક અનેક જો
શ્રાવકનું સન્માન કર્યું બહુ સ્નેહથી
અમૃતભાઈનો અધીક વખાણું વીવેક જો ॥ આ પુ૦ ॥ ૩
જે જે સમયે જ્યાં જેવી રચંના થઇ
તે તે બીના વરણુવી છે ધરી વ્હાલ જો
દેશીયો જે મારેછે બહુ જુજવી
તનમનથી મેં કીધી તેરજ ઢાળ જો ॥ આ પુ૦ ॥ ૪
પછી પ્રભુની કીધી પ્રેમે પ્રાર્થના
તે વાણી તો પ્રેમી જનને કાજ જો
ભવીજન ભાવે ભક્તી કરશે એહની
પ્રેમે પ્રસન્ન થાસે જીનમાહારાજ જો ॥ આ પુ૦ ॥ ૫
મનમાં મગ્ન થઇ મ્હાસુખ કવીએ કરી
જોડ કળાકરી પાડયું પુસ્તક બાહારજો
ખરી બીના તેમાંથી સહુ સોધી જુઓ
સરખાવીને એ પુસ્તક દીલદારજો ॥ આ પુ૦ ॥ ૬

પોતાના ગુણ પોતે મુખથી ઉચરે
ઘટિત નહીં તે શાસ્ત્ર પ્રમાણે જાણજો
માન ઘટે ને પાછળ સહુ હાંસી કરે
આપ સુણેને પરજન કરે વખાણજો ॥ આ પુ૦ ॥ ૭
ફંદ મુકી સમરો સરજનારને
જેથી જાએ જન્મ મરણનો રોગ જો
કુબુદ્ધિએ કુટાયો જીવ કઇ વારમાં
ફરી મળે નહીં મનુસ્ય દેહનો જોગજો ॥ આ પુ૦ ॥ ૮
આ જુઠી બાજી રે સરવે જાણજો
ખલકપતીએ રચી દેવા ભુલથાપજો
પુન્ય પાપના પાશા કરમાં આપીયા
જાણી ખેલે તો ટળે ત્રીવીધના તાપજો ॥ આ પુ૦ ॥ ૯
માયાના સુખમાંરે મુરખો મોહી રહયો
જગ કર્ત્તાને જાણ્યા નહીંજગઆધાર જો
અંતે શી ગત થાસે . લેવીચારને
નથી અમર કો આ જુગમાં નીરધારજો ॥ આ પુ૦ ॥ ૧૦
આ ગંદી કાયાનો ગરવ ધરી બહુ
મંદાધ થઈને મ્હાલે મ્હાસુખમાંહ્યજો
કાળકટ ચડી કાયા નગરી ઘેરશે
જમની આગળ જોર નહીં ચાલેકાંઇ જો ॥ આ પુ૦ ॥ ૧૧
સંગીતારૂ કોઇ થસે નહીં તે સમે
મુકાવસે કુંણ પડતાં મુદગલ મારજો
માટે બુરાભવ તારકને લેભજી
તારે પ્રભુ ભવસાગરની પારજો ॥ આ પુ૦ ॥ ૧૨

---

સમાપ્ત.